REGISTERED B. NO. 53

# રાહે નજાત



કિતાબ ૧૫ મી હીસ્સો ૫ મો.

માહે રબીઉલ અવ્વલ સન હી૦ ૧૩૨૫.

શીઆં કે વાસ્તે યેહી 'રાહેનજાત' હે=પડકર અમલ કીયાકરેં જબતક હયાત હે*
લાએગા લેઃહ યકીન કે જો 'ખુશસીફ઼ાત હે=બિઅરે રહે બેહિશ્ત યેહ રાહેનજાત હે

સાંકળીઓ.



| | |
|---|---|
| ૧-મસજીદમાં જવાથી ફાયદા | ૧૨૫ |
| ૨-ચાલતા માસનું પંચાંગ. | ૧૩૦ |
| ૩-પરચુરણ. | ૧૩૧ |
| ૪-ગેઅરાતુલ્મુસ્આદહ. | ૧૩૩ |
| ૫-હમલએહયદરી. | ૧૩૭ |
| ૬-મેહદીઅંનો અહવાલ | ૧૪૫ |
| ૭-નવો શીઆદ. | ૧૪૯ |
| ૮-સલામ. | ૧૫૫ |
| ૯-હીકાયત. | ૧૫૬ |
| ૧૦-મસાએલ. | ૧૫૭ |
| ૧૧-નવો મોઅજીઝો | ૧૫૮ |
| ૧૨-મોઅજીઝો | ૧૫૯ |
| ૧૩-જુદી જુદી હદીસો. | ૧૬૦ |
| ૧૪-વધારો | ૨૯થી૩૬ |


ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
માળીયા (મીયાણા)

જનાબે પંજેતને પાક
અલયહે મુસસલા-
મના સદકાયા.

પ્રગટ કરનાર
હાજી ગુલામઅલી
હાજી ઈસમાઈલ

અધીપતી રાહેનજાત
અને નુરેઈમાન
અમદાવાદ-પાંચપટ્ટી




"ફસનાઅશરી પ્રીન્ટીંગ પ્રેસ-- અમદાવાદ.

**તૈયાર છે** **તોહફતુઝ્ઝાએરીન.** **તૈયાર છે,**

મક્કા, મદીના, ખુરાસાન કરબલા, નજફ વીગેરે ની મુસાફરીનો અહવાલ. ખુરાસાનના રસ્તામાં આવતા મ્હોટા મ્હોટા શેહરોનો હાલ, તેમજ રસ્તામાં આવતા બુઝુર્ગોના રોઝા, અને જાણવા જોગ બાબતો ખુરાસાનની મુસાફરી દરયાને તેમજ ખુશ્કી રસ્તે જવાના ખુલાસા, ઇમામે હુસેન અ૦ તથા હઝરતે ઇમામે રઝા અ૦ની ઝીયારતની ફઝીલતની હદીસો, અને ઝીયારત કરવાના ફાયદા, ન કરવાના નુકસાન, ઝીયારતના કામમાં વાપરવાનો સવાબ, ઝવ્વારોની કદર, ઝવ્વારોનો ઇસ્તીકબાલનો સવાબ, અને એક ઝવ્વારની ૯૦ અબ્બાસ અ૦ મદદ કરવી

કરબલા, કાઝેમૈન, સામરા, નજફ, ખુરાસાન, કુફા, મુસય્યબ, અને મદીનાએ મુનવ્વરા, એ સર્વે જગ્યોના અંદરના રોઝા મુબારકના નકશા, અને મક્કા અને ખાનએ કાબાનો નકશો, રસ્તાનું બયાન, મુસાફરીનો સામાન, તે તરફનું ચલણ, મુંબઇથી તે બસરા બગદાદ સુધીની મુસાફરી કરનારીનનો હાલ, અને દરેક બાબતની સગવડ ઊતારા વીગેરેનો હાલ.

અને ખાસ કરીને તમામ દીશાઓનું ચક્ર બનાવી તેમાં દીશાઓ અને મોટાં મોટાં શહેરોના નામ લખીને કીબલાનું ચક્ર બતાવેલ છે.

ઉપરાંત ટુંકમાં ઝીયારતો અને ઝીયારતના આદાબ પણ લખ્યા છે,

કીંમત પાકા પુંઠા વાળીના પોસ્ટેજ સુધાં ચઉદ આના, આફ્રીકાનો એક રૂપીઓ, રજીસ્ટરથી મંગાવનારના બે આના વધારે,

---

## અરબી ગુજરાતી કુરઆનેશરીફ ગુજરાતીતરજુમા સાથે તૈયારછે.

**સાહેબે મકદુર સખી ઉદાર દીલ વાળા મોહીબ્બે અહલેબૈત અતહાર પોતાના મરહુમોને બેહદ ખુશ કરવા ચાહનાર માટે અમુલ્ય તક.**

અમોએ કુરઆને શરીફની તફસીર છપાવી તે વખતે એવો ખયાલ હતો કે આ અમુલ્ય નેઅમતની ઘણી નકલો બીરાદરો લેશે, અને સાહેબો મકદુર વકફ કરશે, તેથી અમોએ તફસીર કરતા તેમાં આવતા કુરઆને શરીફના પાના વધારે છપાવ્યા કે તફસીરની બીજી આવૃતી છપાવીએ તે વખતે કુરઆન ફરીને છપાવાનો મોટો ખરચ અને મેહનત બચે.

પણ હજુ પેહલી આવૃતીના બીજા ત્રીજા ભાગ પડયા છે, ત્યાં બીજી આવૃતી છપાય નહીં, તેથી કુરઆન જે ખાસ અરબી તથા ગુજરાતી ખુશનુમા મોટા હરફોમાં અને નીચે ગુજરાતીમાં તરજુમા સહીત છે તેના પુંઠા બંધાવ્યા છે.

તો એવા ઉમદા ખુશનુમા અરબી હરફ અને જાડા કાગળનું તરજુમા વાળું કુરઆને શરીફ ૨૧૦ માં મળે છે, તેના પ્રમાણમાં આના ૩૧૫ રાખવા જોવે કેમકે અવ્વલ કુરઆન છે, પણ તેટલા ખરચનાર ઘણા જણ મળે નહીં તેથી ૨૧૦ હદીયો રાખ્યો છે.

હવે કોઇ સખી ગૃહસ્થ પોતાના મરહુમોની રૂહના સવાબ માટે જો વકફ કરવા એકસો નકલ લીએ તો ઓછા હદીયામાં આપીશું, માટે વકફ કરનારે પોતાની મરજી મુજબ અમોને લખીને બંદોબસ્ત કરવો.

અને એવી શરતે વકફ કરવા કે જે પડે તે દરેક વખતે કોઇ પણ એક સુરો પડીને જેના માટે વકફ થાય તેની રૂહને સવાબ બક્ષી આપે,

અને કેના તરફથી કેની રૂહના સવાબ માટે વકફ છે. અને વકફ લેનારે દરેક વખતે એક સુરો પડીને બક્ષી દેવો વી૦ મોટા હરફમાં ઉંચા કાગળમાં રંગીન શાહથી છાપીને દરેક કુરઆનમાં ઉપર પાનું રાખીને પુઠા બંધાવીશું અથવા ચોડીશું એટલે હમેશા માટે યાદગીરી રહે. હવે આ અઝીમ સવાબ કોને જોવે છે ? જલદી લખો ! !

બિસમિલ્લાહીર અલ્લાહુમ્મ સંલ્લેઅલા
રહેમાનિર **રાહે નજાત.** મોહંમ્મદ વઅ.લે
રહીમ. મોહમ્મદ
મસીક ચોપાનયુ.

કિતાબ ૧૫ મી.) તા૦ ૧ લી માહે રબીઉલઅવ્વલ સન ૧૩૨૫ હી૦ ( હિસ્સો ૫ મો

## મસજીદમાં જવાથી સાત ફાયદા.

અહેસનુલ અતાએઝમાં લખે છે કે ઇબ્ને બાબ વયહ અલયહીર રહમાએ પોતાની આમાલી નામની કીતાબમાં અસબગ બીન બીનાનાથી નકલ કરી છે કે હઝરતે અમીરૂલ મોઅમેનીન ફરમાવ્યા કરતા હતા કે જે મસજીદમાં નમાઝ માટે જાય છે તેને સાત ચીજ-માંથી એક ચીજ પણ નસીબ થાય છે.

૧—કોઇ મોઅમીન બીરાદર સાથે મુલાકાત થઇ જાય છે કે તે તેનો ખાસ ખુદાની ખુશી માટે દોસ્ત થઇ જાય છે.

૨—કોઇ એવું ઇલ્મ અને તરીકો હાસીલ થાય છે કે તેથી તે ખુશ થાય છે.

૩—કોઇ એવી આયત સાંભળે છે કે જેથી તેને અને તેના દોસ્તોને ફાયદો પહોંચે છે.

૪—ખુદાની એવી રહમત મળે છે કે જેનો ઇન્તેઝાર રહે છે.

૫—એવો કલેમો સાંભળે છે કે જેથી હલાકીથી અને ગુમરાહીથી બચી જાય છે.

૬—એવો કલેમો સાંભળે છે કે તેનો રહનુમા અને હાદી થઈ પડે છે.

૭—કોઇ ગુનાહને ખુદાના ખૌફથી અને લોકોમાં શરમીંદગીથી તરક કરી આપે છે.

જાણવું જોઇએ કે જ્યારે મસજીદમાં જાય ત્યારે જુદી જુદી સીફતવાળા લોકો હોય છે, કોઇ પરહેઝગાર હોય છે, કોઇ અકલમંદ હોય છે, કોઇ ખરાબ પણ હોય છે, કોઇ નાકીસ હશે, કોઇ કામીલ પણ હશે, તેમજ આલીમ પણ હશે અને જાહીલ પણ હશે કે જેથી તેને સામટી રીતે કાંઇને કાંઇ લાભ મળશે.

અને એવીજ રીતે જમાઅતની નમાઝમાં પણ ફાયદા છે કે જ્યારે પાંચ વખતની નમાઝ માટે ભેગા થાય તો જાણશે કે આ ગામમાં અથવા મોહલ્લામાં આપણા દીની બીરાદર એટલાછે અને તેથી દીલને કુવ્વત મળે છે, ઉપરાંત હમેશાંની મુલાકાત એક બીજા સાથે ઓળખાણ અને મોહબ્બત થાય છે; એક બીજાના હાલથી વાકેફ થાય છે અને તેઓ એક બીજાને જરૂર પડે કામ આવે છે.

## અ.વતા માહે રબીઉલઆખરનું ઇસ્લામી પંચાંગ, સન ૧૩૨૫ હીજરી

[ બીજ વખતે વેહલી મોડી દેખાય કે સાબીત થાય તે અમલ કરનારે હીસાબ કરવો. ]

સંવત ૧૯૬૩ ના વશાખ સુદ ૨ થી જેઠ સુદ ૧ સુધી.
ઇસવીસન ૧૯૦૭ તા૦ ૧૪ મે થી તા૦ ૧૨ જુન સુધી.

### જાણવા જોગ બાબતો.

| વાર. | ઇસ્લામી તારીખ | અંગ્રેજી | ગુજરાતી તારીખ |
|---|---|---|---|
| ભોમ | ૧ | ૧૪ | ૨ |
| બુધ | ૨ | ૧૫ | ૩ |
| ગુરૂ | ૩ | ૧૬ | ૪ |
| શુક્ર | ૪ | ૧૭ | ૫ |
| શની | ૫ | ૧૮ | ૬ |
| રવી | ૬ | ૧૯ | ૭ |
| સોમ | ૭ | ૨૦ | ૮ |
| ભોમ | ૮ | ૨૧ | ૯ |
| બુધ | ૯ | ૨૨ | ૧૦ |
| ગુરૂ | ૧૦ | ૨૩ | ૧૧ |
| શુક્ર | ૧૧ | ૨૪ | ૧૨ |
| શની | ૧૨ | ૨૫ | ૧૩ |
| રવી | ૧૩ | ૨૬ | ૧૪ |
| સોમ | ૧૪ | ૨૭ | ૧૫ |
| ભોમ | ૧૫ | ૨૮ | ૧ |
| બુધ | ૧૬ | ૨૯ | ૨ |
| ગુરૂ | ૧૭ | ૩૦ | ૩ |
| શુક્ર | ૧૮ | ૩૧ | ૪ |
| શની | ૧૯ | ૧ | ૫ |
| રવી | ૨૦ | ૨ | ૬ |
| સોમ | ૨૧ | ૩ | ૮ |
| ભોમ | ૨૨ | ૪ | ૯ |
| બુધ | ૨૩ | ૫ | ૧૦ |
| ગુરૂ | ૨૪ | ૬ | ૧૧ |
| શુક્ર | ૨૫ | ૭ | ૧૨ |
| શની | ૨૬ | ૮ | ૧૩ |
| રવી | ૨૭ | ૯ | ૧૪ |
| સોમ | ૨૮ | ૧૦ | ૩૦ |
| ભોમ | ૨૯ | ૧૧ | ૧ |
| બુધ | ૩૦ | ૧૨ | ૧ |

## ખુલાસો,

જાણવું જોઇએ કે આ મહીનામાં જાણવા જેવી બાબતો વધારે નથી, આ મહીનાની ૧૦ મી તારીખે હજરતે ઇમામે હસને અસકરી અ૦ ની વીલાદત છે, અને ૧૬ મી તારીખના હઝરતે ઇમામે હુસયન અ૦ ના ખુનનો બદલો લેવા માટે મુખતાર બાહેર નીકળ્યા છે.

આ મહીનાની તા૦ ૧૦—૧૧ ૨૮ મી તારીખ નહસે અકબર એટલે બહુજ ખરાબ છે.

કમરદર અકરબ એટલે વીંછુડો આ મહીનાની ૧૫-૧૬-૧૭ મીના છે.

—*—

બાહુલઅઅઆદમાં હજરતે ઇમામે મોહમ્મદ તકી અ૦થી મનકુલ છે કે દરેક મહીનાની પહેલી તારીખે જે કોઇ બે રકાત નમાઝ સુન્નતની નીય્યતથી પડે, પહેલી રકાતમાં અલહમ્દના સુરા પછી ૩૦ વખત "કુલહોવલ્લાહ"નો સુરો, અને બીજી રકાતમાં અલહમ્દ પછી ૩૦ વખત "ઇન્ના અનઝલનાહ"નો સુરો પડે, અને નમાઝ ખતમ કર્યા પછી કાંઇ સદકો કરે તો એવું થશે કે જાણે તે શખસે તે મહીનાની સલામતી વેચાતી લીધી.

—×—

# ❊ પરચુરણ. ❊

(બહરુલ મવાએઝને આધારે લખવામાં આવે છે.)

એક લોભીએ એક મજુર કરીને તેના માથા ઉપર શીશીઓનો ટોપલો આપ્યો પણ મજુરી બચે એટલા માટે મજુરને ફોસલાવાને કહેવા લાગ્યો કે તુ મજુરી લે નહીં તો ત્રણ એવી બાબતો બતાવું કે જેથી તને ઘણો ફાયદો થશે, મજુરે હા પાડી, તેણે થોડુંક ચાલીને કહ્યું એક વાતનો કહો; તેણે કહ્યું અગર કોઇ તને કહે કે પેટ ભર્યા કરતા ભુખે રહેવું વધારે સારૂં છે તો તેને ખરૂં માનીશ નહીં; તેણે કહ્યું ઠીક; જ્યારે અરધે પહોંચ્યા તો મજુરે કહ્યું હવે બીજી વાત બતાવો; તેણે કહ્યું કોઇ કહે કે સ્વારી કરતા પગે ચાલવું બેહતર છે તો તેને ખરૂ માનીશ નહીં, તેણે કહ્યું ઠીક, જ્યારે તેને ઘરે પહોંચ્યા તો મજુરે કહયું ભાઇ હવે ત્રીજી વાત પણ કહે કે ચાલતો થાઊં, આ વખતે તે લોભી સમજ્યો કે હવે તો ઘરે પહોંચી ગયા તેથી મશકરીમાં કહ્યું કે અગર તને કોઇ કહે કે તારા કરતા વધારે મુર્ખો બીજો કોઇ મજુર છે તો તે વાત ખરી માનીશ નહીં.

આ સાંભળીને મજુરને મજુરી ખોવાનો ગુસ્સો હતો અને ઓછામાં પુરો તેને મુર્ખ બનાવ્યો તેથી બહુજ ગુસ્સો આવવાથી તેણે શીશીયોને ટોપલાને જોરથી ભોંય પછાડીને કહ્યું ઓ શખસ તરી નસીહતો યાદ રાખીશ પણ મારી વાત સાંભળકે તને કોઇ કહે કે આ શીશીઓમાં એક શીશી પણ ફુટયા વગરની છે તો ખરૂં માનીશ નહીં, એમ કહી ચાલતો થયો, અને લોભ્યો મજુરી બચાવા ગયો તેથી શીશીયો ખોઈ બેઠો.

દમા અને લાલચ ઘણી બુરી બલા હોય છે, લાલચુ અને લોભી હરવખત એજ વીચારમાં રહ્યા કરે છે, અને તમાની વાત અક્કલથી ઊલટી હોય તો પણ તેને તે સાચી માને છે કેમકે તેની અક્કલમાં ખામી આવી જાય છે, જેમકે અશઅબ નામનો એક શખસ બહુજ લોભ્યો હતો તેને કોઇએ પુછયું કે તારામાં કેટલા દરજાનો લોભ છે? તેણે કહયું મારામાં એટલે દરજ્જે લોભ છે કે જ્યારે કોઇના ઘરે ધુમાડો નીકળે ત્યારે હું મારા ઠામ તૈયાર કરી રાખુ છું કે રખેને મારા માટે કાંઇ મોકલે, અને જયારે કોઇ મરી જાય અને તેને ત્યાં ખરખરા માટે જાઊં છું ત્યારે બે જણ કાંઇ ખાનગી વાતો કરતા હોય તો મને એવો ખીયાલ થાય છે કે આ મરનારે મને કાંઇ પણ આપવા માટે વસીયત કરી હશે તે વીશે આ મશવેરો કરે છે, અને રસ્તામાં નીકળું ત્યારે દીલમાં એવો વીચાર રહે છે કે રખેને મેડીમાંથી કોઇ મારા માટે કાંઇ નાખે તેથી ખોળો ઊંચો કરીને ચાલુ છું. અને ઠામની બજારમાં નીકળું તે વખતે જે ઠામ ઘડતા હોય તેને કહું છું કે ઠામ મોટું ઘડજો, અને મારા મનમાં એવો ખીયાલ થાય છે કે આ ઠામ જે વેચાતુ લેશે તે રખેને મારા માટે તેમાં કાંઇ ખાણું મોકલે તો મોટુ હોય તો વધારે આવે.

દદ્દતુદ્દાઇને આધારે લખે છે કે અરફાને દીવસે ઇમામે ઝેનુલ આબેદીન અ૦ કેટલાંકને જોયા કે લોકોથી સવાલ કરે છે. હજરતે ફરમાવ્યું કે આ લોક ખુદાની ખલકમાં બદતરમાં બદતર છે, આજ લોકો ખુદાની દરગાહમાં સવાલ કરે છે, અને આ લોક આજે ખુદાના બંદાઓ પાસે માગે છે. એ મ્હોટા માલીકને મુકીને બીજા મખલુકાત પાસે હાજત ચાહે છે, તે માલીકની એવી દરબાર છે કે ત્યાં જવા માટે કોઇ પણ ચોકી કે રોક ટોક નથી, તે સખીની

દરબારને મુકી તેના બંદા પાસે જાય છે.

—o○◎○∞○◎○o—

બની અબ્બાસીયોમાંના એક ખલીફાએ એક વખત બહલુલને કહયું કે અગર તારી મરજી હોય તો ખજાનામાંથી તારા માટે કાંઇ મુકરરર કરી આપું કે તે તને ખાવા પેહરવા માટે બસ થાય અને તને રાહત મળે અને મારી પાસે હમેશા આવ્યા કર.

બહલુલે કહયું તેમાં કેટલીક અડચણો છે જો તે નહતે તો હું રાજી થતે, એક એકે તને ખબર નથી પડતી કે મને કઇ ચીજની જરૂરત છે કે તેથી તુ મને જુવે તેજ આપે, બીજુ એ કે તને એ પણ ખબર નથી કે મને કઇ વખતે જરૂરતછે કે તે જરૂરતને વખતે તુ મને પહોંચાડે, ત્રીજુ એ કે તને એની પણ ખબર નથી કે મને કેટલું જોશે કે તેટલુંજ મને આપે, અને જે મારી રે.જીનો જામીન થયો છે તે આ ત્રણે બાબતને સારી રીતે જાણે છે અને બરાબર પહોંચાડયા કરે છે, માટે મને તારી પાસેથી લેવાની શી જરૂરત છે? એ તમામ બાબત તો ઠીક પણ કોઇ વખતે મારાથી એવું કામ થઇ ગયુંકે તેથી તુ મારાથી નારાજ થઇ જાય તો તરત મારા માટે મુકરરર કરેલી ચીજો બંધ કરી આપીશ, અને તે માલીક એવો છે કે તેની નાફરમાની થઇ જાય તો પણ તે પોતે બંધાએલો છે તે આપ્યાજ કરે છે.

---

ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે ખુદાને મુકી તેના બંદા પાસે હાજત ચાહવાથી ઇજ્જત બરબાદ થઇ જાય છે, અને હયા તથા શરમ બાકી રેહતી નથી જેટલા ભીખ માગે છે તે સર્વેનો એજ હાલ છે.

---

જાહેલીયતના વખતની કેટલીક રીતભાત વીચીત્ર હતી જેમકે કોઈ મુસાફરીએ જતો તો કોઇ ઝાડની ડાળ ઉપર દોરો બાંધી દેતો; અને જ્યારે પાછો આવતો ત્યારે બરાબર જોતો, તો સમજતો કે તેની પાછળ તેની ઓરતે બદકામ કર્યું નથી, અને જો તે દોરાની ગાંઠ ખુલ્લી જોતો અથવા તેની હાલત બદલેલી જોતો તો સમજતો કે તેની ઓરતે પાછળથી બદકામ કરેલ છે, અને કોઇએ લખ્યું છે ઝાડની બે ડાળ ભેગી કરીને બાંધી દેતા હતા.

---

ગાજરને સર્વે કોઈ જાણે છે તે ખાવાથી ઘણો ફાયદો છે, બીજા દરજામાં ગરમ અને તર છે, જલદી હજમ થતા નથી, છ તોલાથી વધારે ખાવા નહીં, મેદાને કુવ્વત આપે છે, પુષ્ટી કારક છે, બલગમ દુર કરે છે, ખાંસી છાતીના દરદ જલંદર અને કલેજાના દરદ માટે ફાયદા કારક છે, અંગને તૈયાર કરે છે, પથરીને ગાળી નાખે છે, પેશાબ લાવે છે, હકીમો દવાઓ નાખી ગાજરનો હલવો પણ કરે છે.

---

**અખબારે ઈમામીયાહ** ૨૦ મી ફેબરવારી ૧૯૦૭ના અંકમાં છે કે **બાબુ શામા ચરન** એક મશહુર લાયક શખસ છે તેઓએ સને ૧૮૭૩ ઇસવીમાં લખ્યું છે કે ભાઇયો જુઓ ઇમામે હુસેન અ૦ની અઝાદારી તે એક ગરીબ મઝલુમની અઝાદારી છે. માટે ખોટા ખીયાલો અને વાહીયાત વસવસાથી તેને મટાડવાના પ્રયત્ન કરશો નહીં, અને એ ઝરીયાથી ખુદાના બંદાઓને તેઓ સાથે જે વલવલો અને જોશ હોય છે તેમાં કમી થવા આપો નહીં, અરે જાણો કે આ મોટા મઝલુમનો ગમ છે, બહુજ મોટા સબર કરનારની અઝાદારી છે, અરે એમાં ઇમાન માઅરેફત ખુદાના પ્યારાઓની મોહબ્બત વી૦ સમાએલી છે, દરેક ઇનસાનની હાલત સરખી હોતી નથી, બુઝુર્ગો અને પયગમબરો જેવું ઇમાન આપણને ક્યાંથી હોય? કુરઆનમાં છે કે હ૦ યાકુબ અ૦ યુસુફ અ૦ની જુદાઇમાં એટલું રડયા કે મોહલ્લાના લોકો કંટાળી ગયા, ઇમામે ઝૈનુલ આબેદીન કરબલાના ભયકર બનાવ પછી ૪૦ વર્ષ સુધી રડયા છે.

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
...ભાઈ આમદાણી
આલીયા (ઈંઆણાં)

## ફસલ ૨૨ મી સખાવતના બાતીનના નુકતા અને ઝકાત આપવાના ફાયદા ન આપવાના નુકસાન.

આગળ ઇશારો થઇ ચુકયો છે કે **સખાવત** છે તેમાં કેટલીક બાબતો સમાએલી છે, કોઇ વાજીબ કોઇ સુન્નત, અને તે દરેકના સવાબની જુદી જુદી ઘણી હદીસો વારીદ થઇ છે, અને દરેકને માટે કેટલીએક શરતો તેમજ જાહેરી અને બાતેની નુકતા અને બારીકીયો છે, તેમાંની જાહેરી શરતો કે ફલાણી ફલાણી શરત હોય તો વાજીબ છે અથવા સુન્નત છે વી૦ ફીકાની મસાએલની કીતાબોમાં લખેલ છે, અહીંયા તો કેટલીક બાતીનની ( છુપી ) બાબતો અને નુકતા લખવામાં આવે છે, તો જાણવું કે વાજીબ છે તે કેટલીક ચીજો છે **૧ ઝકાત** કે તે તમામ સખાવત અને બખશીશ કરતા વધારે જરૂરી અને સર્વોપરી છે, **ઝકાત** છે તે સરવત અને તવંગરીના બાગ બગીચા માટે નેહરની માફક છે અને ઉમ્મેદોની ખેતી માટે ઊમદા હવા છે, અમીરોના ખઝાનાને રક્ષણ અને હીફાઝતમાં રાખવા માટે ખરો ચોકીદાર; અને દૌલતવાળાઓના માલ માટે મજબુત કીલ્લો છે ચોર વી૦ નો હાથ ન પહોંચવા દેવા માટે એક ઊમદા હથીયાર છે, અને તેથીજ ઝકાત આપવાની તાઅરીફની હદીસો અને ન આપવાની મઝીમ્મતની બાબતો ઘણી વારીદ થઇ છે, અને કુરઆનમાં કેટલેક ઠેકાણે **નમાઝની** સાથેજ **ઝકાતનું** બયાન કરેલ છે, અને ઝકાત ન આપનારની મઝીમ્મતમાં ખુદાએ ફરમાવ્યું છે કે " **વલ્લઝીન યકનેઝુ નઝ્ઝુહબા વલ્ફીઝ્ઝુના વલાયુન્ફેકુનહા ફીસબીલિલ્લાહે ફબશ્શીરહુમ બેઅઝાબિન્અલીમ. યવમાયોહમા અલયહા ફીનારે જહન્નમ ફતુકવા બેહા જેબાહોહુમ વજોનુબોહુમ વઝોહુરોહુમ હાઝા માકનઝતુમ લેઅન્ફોસેકુમ ફઝુકુ માકન્તુમ તકનેઝુન;** એનો ખુલાસો એ કે જેઓ સોનું અને રૂપુ ભેગું કરે છે અને રાહે ખુદામાં વાપરતા નથી તેઓને સખત ઇજા પહોંચાડનાર અઝાબની ખુશખબરી આપ કે તે દીવસે તેને આગમાં તપાવીને લાલ કરશે અને તે વડી કપાળ ઉપર પડખા ઉપર વાંસા ઉપર ડામ આપશે, અને તેઓને કહેવામાં આવશે કે આ એ ચીજ છે કે તમોએ પોતા માટે ભેગું કર્યું છે માટે તેનો સ્વાદ અને મજાહ ચાખો ! ! !

હઝરતે રસુલે ખુદાસ૦ ફરમાવ્યું કે લોકો ઝકાત આપે નહીં તો જમીનથી બરકત ચાલી જાય છે, હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦થી મરવી છે કે જેણે પોતાના માલની ઝકાત આપી નહીં હોય તેને કયામતના મેદાનમાં ખુદાએ તઆલા કેદ કરશે, અને તેની પાછળ એક મ્હોટા નાગને મુકરરર કરશે કે તે તેની પાછળ દોડશે, અને તે તેનાથી ભાગતો ફરશે, જયારે જોશે કે કોઇ રીતે તે નાગથી છુટકારો નથી તે વખતે તેના મોઢામાં પોતાનો હાથ નાખશે, તે નાગ તેના હાથને ચાવશે અને તેના ગળામાં વીંટળાઇ જશે, અને જેણે ઊંટ અથવા ગાય અથવા મેંઢાની ઝકાત આપી નહીં હોય તેને મેદાનમાં કેદ કરશે અને દરેક ખરી વાળું હેવાન તેને કચરશે, અને દરેક ડંખવાળું હેવાન તેને ડંખ મારશે; અને જે ખેતી અને બાગ વાળાએ ઝકાત નહીં આપી હોય તેના ગળામાં તે જમીન સાત તબકા સુધીની તોક કરીને નાખશે, અને એજ હઝરતે ફરમાવ્યું કે જે કોઇ એક કીરાત

ઝકાત નહીં આપે તે ન મોઅમીન છે ન મુસલમાન, અને ફરમાવ્યું કે જે ફકીર અને મોહતાજ થાય છે ભુખે મરે છે નવસ્ત્રા રહે છે તેનું કારણ એ કે માલદાર ઝકાત અને હક આપતા નથી, અને જે કોઇ પોતાના માલમાંથી ખુદાનો હક આપે નહી તો ખુદાને જરૂર છે કે તેનાથી પોતાની રહમત દુર કરે, અને એ ખુદાની કસમ કે જેણે ખલકતને પૈદા કરી અને રોજી આપે છે માલ જંગલ અથવા દરયામા તલફ થતો નથી પણ ઝકાત ન આપવાના કારણથી; અને ફરમાવ્યું કે ઝકાત એવી ચીજ નથી કે આપનારના વખાણ કરવા જોઇએ કેમકે તે આપવાથી ઇસલામમાં દાખલ થાયછે તેની જાનમાલ હીફાઝતમાં રહે છે, એ પ્રમાણે ઝકાત ન આપવાની મઝમ્મત વીગેરે કુરઆન અને હદીસોમાં બહુજ છે

પછી લખે છે કે આવી આવી હદીસો વી૦ સાંભળવા છતાં જેઓ ઝકાત આપતા નથી અને ઇસલામનો દાવો કરે તે અજબ છે, કેમકે જે માલ અમાનત તરીકે ખુદાએ આપેલ છે, અને ટુંક મુદ્દત તેના હાથમાં રહે છે તેમાંથી તેના ખરા માલીકે જે જુજ હક આપવા ફરમાવ્યું તે આપતો નહીં, અફસોસ જાણતો નથી કે આ માલ મુકીને ચાલતો થશે, અને પહેલે મારી પાસે કાંઇ નહતું અને આપેલું ખુદાનું છે, અને મેં જે તે મેળવવા મેહનત અને કોશીશ કરી તે પણ તેણેજ તૌફીક આપી, અને તેનાજ હુકમથી મળ્યું કેમકે તેની મરજી ન હોય તો કાંઇ પણ મળી શકે નહીં, અરે નીરજીવ સુકા દાણાની શું શકતી કે તેના હુકમ વીના પોતામાંથી લીલું ઝાડ કાઢી શકે અને મોટા થઇ ફુલ અને ફળ અનાજ અને મેવો આપે, અને વાદળની શી શકતી કે તેની રજા વગર પાણીનું એક ટીપું પણ વરસાવી શકે?! ખેડુત એમ સમજતા હશે કે અમારી મેહનતથી અનાજ થાય છે, અને વેહપારી એમ જાણતા હશે કે અમો અમારી કોશીશથી બજારમાં ધમાલ ચલાવીને પૈદા કરીએ છીએ, પણ ઇનસાન ઝઈફુલ બુનયાનની શી શકતી કે તે મેળવી શકે? અને અહંકાર કરે? અરે એ ઘણીજ શરમની વાત છે કે જેણે પોતાની મેહરબાનીથી આપ્યું તે માગે તો તેનેજ ન આપવું અને આનાકાની કરવી, જ્યારે ઝકાત આપવા ન આપવા વીશેના ફાયદા અને નુકસાન જાણ્યા ત્યારે એ પણ જાણવું જોઇએ કે ઝકાત વાજીબ કરવામાં શું ભેદ છે! તો ઝકાત વાજીબ કરવામાં તેમજ સખાવતમાં ત્રણ ચીજ સમાએલી છે.

૧—એ કે તેમાં પુરેપુરી ખુદા પરસ્તી અને સંપુર્ણ "તવહીદ" છે; કેમકે ઇનસાનને માટે ખુદા સીવાય બીજુ કોઇ મહબુબ નથી, તો મોહબ્બતમાં કોઇને ભાગો ન કરવો અને દીલથી તોહીદ જાળવવા માટે જરૂર છે કે તેના સીવાય બીજાને દોસ્ત રાખે નહીં, ખરી દોસ્તી એ વખતે માલુમ પડે છે કે દોસ્તની મરજી જાળવે અને તેના સીવાય બીજા તમામની મોહબ્બત તજીદીએ, અને જે દોસ્ત છે તે ઇમતેહાન કરે છે તે જુવે કે મારા માટે શખ્સે આ શખસે તમામની મોહબ્બત તરક કરી અને મારી મોહબ્બત જાળવી રાખી ત્યારે તેને ખરો દોસ્ત સમજે છે, તો લોકો માલને દોસ્ત રાખે છે તેની મોહબ્બતથીજ મોતથી ભાગે છે, તો ખુદાએ પોતાની સાચી બંદાની મોહબ્બતનું ઇમતેહાન કરવા માટે ઝકાત સખાવત વી૦ કરવાનો હુકમ કર્યો છે કે તેની ખુશનુદી માટે થઇને માલની

મોહબ્બત તરફ ખીયાલ ન કરતા પોતાથી જુદો કરે, અને તેથીજ ખુદાએ કુરઆને શરીફમાં ફરમાવ્યુ છે કે **ઈન્નલ્લાહશતરા મેનલ્મોઅમેનીન અન્ફોસહુમ વઅમ્વાલહુમ બેઅન્નલહોમુ લજન્નહુ"** એનો જાહેરી અર્થ એ છે કે ખુદાએતઆલાએ મોઅમેનીનના જાન માલને બેહશ્તના બદલામાં વેચાતી લીધેલ છે, અને એમાં કાંઇ પણ શક નથી કે બેહેસ્તની નેઅમતો કરતા વધારે લજ્જત પરવરદીગારની રહમતની નજીકીમાં છે. અને આ બાબતમાં લોકો ત્રણ કીસમના છે ૧—ટોળું એવું છે કે તે ખુદાની મોહબ્બતનો દાવો કરે છે તે પોતાના દવામાં કામીલ અને ખરા છે, અને પોતાની ફરજો બજાવી લાવે છે, અને તેઓના દીલમાં ખુદા સીવાય બીજા કોઇની મોહબ્બત નથી, દુન્યાના માલ મતાની ખાહીશ નથી તેથી મોઢું ફેરવીને બેઠા છે, અને એવા લોકો ઝકાત વાજીબ છે કે શું તે તરફ નજર કરતા નથી એટલે વાજીબ છે તેથીજ કાઢવી એમ નથી, એટલે સુધી કે તેઓમાંના કોઇને પુછ્યું કે સો દીરહમમાંથી કેટલાં દીરહમ ઝકાત કાઢવી વાજીબ છે ? જવાબ આપ્યો કે અમ સર્વે લોકો માટે શરીઅતનો હુકમ સો દીરહમમાંથી પાંચ દીરહમ ઝકાતના કઢવા વાજીબ છે; પણ અમારા માટે તો તમામ માલ આપી દેવાનું છે, હઝરતે ઇમામે જાઅફરે સદેક અ૦ ને કોઇએ પુછ્યું કે માલમાંથી ઝકાત કેટલી વાજીબ છે ? આપે ફરમાવ્યું કે હજાર દીરહમમાંથી પચીસ દીરહમ છે, પણ આ જાહેરી હુકમ છે; બાતીનમાં તો એવું છે કે તારો બીરાદરે મોઅમીન તારા કરતા વધારે મોહતાજ હોય તો તુ ન રાખતા તેને આપી દે. ૨—ટોળું એ છે કે દુન્યાના માલમાંથી હાજત અને જરૂરત જેટલું વાપરે છે અને વધારો થાય તેનો સંગ્રહ કરતા નથી બલકે નેક કામમાં વાપરી નાખે છે, તો આ ટોળું પહેલા ટોળાં કરતા નીચેના દરજામાં છે તોપણ સારૂં છે કે વાજીબ ઉપરાંત સખાવત કરે છે કારે ખૈરમાં વાપરે છે. ૩—જું ટોળું એ છે કે પોતા ઉપર જે વાજીબ હક લાગુ પડે તે આપવા આનાકાની કરતા નથી, બલકે વાજીબ થાય તેટલું આપે છે પણ તેથી વધારે વાપરતા નથી.


૨—ઝકાત વાજીબ થવાનો બીજો ભેદ એ છે કે ઝકાત કાઢવાથી માલ અને નફસ પાક સાફ થાય છે, અને જે બખીલીની ખરાબ અને બુરી ધીક્કારવા જેવી રીફત છે તેથી બચે છે, અને માલ રાહે ખુદામાં વાપરવાથી સખાવતની આદત પડે છે, કે તેથી મોટે દરજ્જે પહોંચાય છે.

૩—ઝકાત વાજીબ થવામાં એ ભેદ છે કે તેથી ખુદાની નેઅમતનો શુકર બજાવી લવાય છે, કેમકે બંદા ઉપર ખુદાનો જાન અને માલની નેઅમતનો હક છે, તો ઇબાદત કરવાથી જાનની નેઅમતનો શુકર અદા થાય છે અને માલ રાહે ખુદામાં વાપરવાથી માલનો શુકર અદા થાય છે, તો અફસોસ છે એ મુસલમાનોનો દાવો કરનાર ઉપર કે તેનો બીરાદર મોહતાજ મુફલીસ હોય છતાં તે ખુદાની નેઅમતનો શુકર કરી તેને આપે નહી.

## **ફસલ ૨૨ મી સખાવતના આદાબ.**

જાણવું જોઇએ કે સખાવત અને રાહે ખુદામાં આપવા માટે કેટલાંક આદાબ છે, માટે તે પ્રમાણે ધ્યાન રાખીને રાહે ખુદામાં વાપરે કે તેથી બરાબર સવાબનો હકદાર થાય.

૧—જ્યારે તેના દીલમાં રાહે ખુદામાં આપવાનો ઇરાદો થાય ત્યારે સમજે કે તે વખતે શેતાન તેનાથી ગાફીલ થઇ ગયો છે અને ફીરીશ્તો તેનામાં આવ્યો છે તેથી એ મવકાને હાથમાંથી જવા દીએ નહીં અને એ વખતને ગનીમત જાણી પોતે ધારેલું કામ તરત કરે કેમકે ઢીલ કરવામાં ઘણી આફતો છે, અને શૈતાનને ગફલતમાંથી ચોંકવાનો અને ફરેબ આપવાનો વખત મળે છે. ૨—જ્યારે ખબર પડે કે ફલાણો મોહતાજ છે અથવા ગુમાન થાય કે તેને જરૂરત છે તો તે વખતે તે જાહેર કરવા ન પામે તેની પહેલે તેને આપવું અને તેને માગવાની ઝીલ્લતથી અટકાવીને તેની આબરૂને બચાવવી, અને તે લાચાર થઇને સવાલ કરે એવો વખત આવવા દીએ નહીં, કેમકે સવાલ કર્યા પછી આપવું તે તેની આબરૂની કીંમત આપી ગણાય છે અને એ વખતના આપવામાં પુરૂં એહસાન નથી; લખે છે કે એક શખસ ગરીબ અને મોહતાજ હતો પણ કોઇ વખતે કોઇ પાસે કાંઇ માગતો નહતો, એટલે સુધી કે હઝરતે અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબીતાલેબ અ० પાસે પણ માગતો નહતો, પણ હઝરત અલી અ० આપે એવી આશા રાખતો હતો, હઝરત તે માગવાની પહેલેજ તેને મોકલતા હતા, એક વખત કોઇએ અરજ કરી કે યા હઝરત એ શખ્સ હરગીજ આપ પાસે કોઇ વખત કાંઇ પણ માગતો નથી છતાં આપ તેને આપોછો અને એટલું આપે છો કે તે કરતા ઓછું આપો તોપણ તેને બસ થાય, આપે ફરમાવ્યું તારા જેવા મોઅમેનીન ખુદા વધારે નકરે, અરે હું આપુછું અને તુ બખીલી કરી મનાઈ કરે છે ? સવાલ કર્યા અને માંગ્યા પછી હું આપું તો તે તેણે જે સવાલ કરી પોતાની આબરૂ નાખી દીધી તેની મેં કીંમત આપી ગણાય અને તેની આબરૂ વેચાતી લીધી કહેવાય અને તેને સવાલ કરવાની જરૂરત પડે ત્યાં સુધી ન આપું તો તેને સવાલ કરવામાં મેં ફસાવ્યો ગણાય, ૩—જ્યારે સદકો આપવો ત્યારે શરીફ અને ફઝીલતવાળા વખતમાં આપે કેમકે એવા વખતમાં આપેથી સદકાનો અને કારેખેરમાં આપવાનો સવાબ ઘણો વધી જાય છે, જેમકે ઇદેગદીરને દીવસે, ઝીલહજ મહીનાના પહેલા દસ દીવસોમાં, માહે રમઝાન મુબારકમાં, વળી તેમાં ખાસ કરીને છેલ્લા દસ દીવસોમાં, વીગેરે વીગેરે, કે એવા વખતમાં કારે ખૈરમાં વાપરવાથી બીજા વખતમાં વાપરવા કરતા વધુ અજર મળે છે, મરવી છે કે હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ० તમામ ખલકત કરતા વધારે સખી હતા તેઓ માહે રમઝાનમાં તેજ પવનની જેમ થતા એટલે સુધી કે કોઇ ચીજ પણ રાખતા નહતા. ૪—એ કે ઝકાત તેમજ દરેક વાજીબ હક જાહેરમાં આપે કેમકે વાજીબ હકો છુપા આપવા કરતા જાહેરમાં આપવા અફઝલ છે, અને જે સુન્નત છે તે છુપી રીતે આપવું સુન્નત છે, મતલબ એ કે ઝકાત ખુમસ વી० જાહેરમાં આપે અને સદકો ખેરાત વીગેરે છુપી રીતે આપે, જેમકે તે વીશે હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ० ખુલાસો કર્યો છે કે ઝકાત છે તે ખભા ઉપર મુકીને હકદારને આપવા જાય તે તેના માટે બહુ સારી વાત છે, પણ આ એ વખતે છે કે રીયા થવાનો ખોફ ન હોય તો; એટલે લોકો જોઇને વખાણ કરે વી० મતલબ ન હોય તો, તેમજ જેને આપે છે તે જાહેરમાં લેવાથી શરમાતો નહોય તો, અને જો રીયા થવાનો ખોફ હોય અથવા આગલો જાહેરમાં લેવાથી શરમાતો હોય તો તેને છુપી રીતે આપે, અને એ વખતે વાજીબ બાબતો પણ છુપી રીતે આપવી અફઝલ થશે.



# હમલ્લએ હયદરી.

ઇલ્મ શોખની છે.
શેઠ લાઇબ્રેરી
હાજીભાઇ મામદાજી
માળીયા (મીયાણા)

## ગયા અંકનો અધુરો અહવાલ.

હજરતે રસુલે રસુલે ખુદા સ૦ તેઓ આગળ છુપો ભેદ ખોલી આપ્યો અને એક અસ્હાબને કહ્યું કે હમણાં હાલ તું યહુદીયોની પાસે જા અને તેઓને કહે કે તમોએ મ્હારી સાથેનો અહદ તોડી નાંખ્યો, હું હણા અમર ઉમય્યાની નદામત દુર કરવા અને તેના હાથે બે જણ કે જેઓ માર્યા ગયા તેઓની દીયત અદા કરવા માટે આવ્યો હતો, તો તમો ઠીક તક મળી સમજી અમોને મકરનાં જાળમાં ફસાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા, અને મોહટો પત્થર લઇ મને મારવા માટે બલંદ દીવાર ઉપર ચઢ્યા માટે હવે તમારી સાથેનો અહદ અને કરાર કુટી ગયો અને તમારો મકર અને ફરેબ જાહેર થયો, તોપણ હજુ હું એટલી મુરવ્વત કરૂં છું અને તમારી જાનમાલથી હાથ ઉપાડું છું કે તમોને હું દસ દિવસની મોહલત આપું છું, અગર તમો પોતાનું ભલું ચાહતા હોતો તે દસ દીવસમાં પોતાનો માલ અસ્બાબ લઇ અહીંયાંથી કોઇ જગ્યાએ ચાલ્યા જાઓ અને નહીં તો તમારો માલ અને તમારા પ્રાણ મ્હારા ઉપર બેધડક હલાલ થશે.

**બતારા જો ખુંરીઝ કરમાં દેહમ***
**દિગર ઉઝરો પુઝિશ ઝે કસ નશનવમ***

અને તમોને લુટી લેવાનો અને કતલ કરવાનો હુકમ આપીશ. પછી તમારી માફી કે ઉઝ્ર કબુલ કરનાર નથી. રાવી કહે છે કે જ્યારે જનાબ એ કલામ ફરમાવી ચુકયા કે તે કાસીદ તરતજ ત્યાં રવાના થયો અને આણીમેર તે ગુમરાહ યહુદીયોની એ હાલત હતી કે જ્યારે જનાબે રસુલે ખુદાસ૦ પોતાના અસ્હાબોના ટોળાથી જુદાં થયાં ત્યારે થોડીવાર તો સઘળાંઓએ ઇન્તેઝાર કર્યો પણ પછી કોઇ ઢીલ કરી શકયું નહીં, પછી જ્યારે તે મજમઓ બરખાસ્ત થઇ ગયો ત્યારે કનાના મરદુદે કહ્યું કે અએ યારો તમોએ કાંઇ જાણ્યું ? અને કાંઇ એ ભેદને સમજ્યા કે હઝરતે રસુલે ખુદા સ૦ કેમ આટલી ઝડપથી અહીંયાથી તશરીફ લઇ ગયા ? યહુદીયોએ કહ્યું કે આમ પુછવાથી ત્હારો મતલબ શો છે? એ તો છુપો ભેદ છે ન અમો જાણીયે છીયે ન તુ જાણે છે, કનાનાએ કહ્યું કે અલબત્તા હું સારી પેઠે જાણુંછું અને તમોને પણ જાણીતા કરૂંછું કે તે વાત એ છે કે તમારો સઘળો મકર અને ફરેબ જમીન અને આકાશના પૈદા કરનારે તેની આગળ ખુલ્લો કરી દીધો, અને જીબરઇલે આવીને તેઓને એકાએક ઉઠાવી દીધાં અને અહદ તોડવાનું ઇલઝામ તમારે

સિર પડ્યું માટે હવે જાનમાલની સલાહ એજ બાબતમાં છે કે મસલેહતને હાથમાંથી જવા દયો નહીં અને તેના પરીણામનો ઉંડી નજરથી વિચાર કરો એટલે જંગોજદલ અને હસદ અને ખલલથી દરગુજરો અને હવે આથી વધુ હકને છુપાવો નહીં કેમકે હવે આપણે મોહમ્મદ સ૦ની સત્યતાની આથી વધુ શું દલીલ જોઇશું ? અગર કોઇ પણ અમુલ્ય માણેકને નક્કામો પત્થર કહેતો તેના ઉપર કોઇ એઅતેબાર કરશે નહીં, ખુદાની કસમ મોહમ્મદ સ૦ પાક પરવરદિગારના મોકલેલા બરહક રસુલ છે અને તવરેત તેના કમાલાત અને મોઅજેઝાત ઉપર પુર્ણ રીતે ગવાહ છે. અને અગર ધારો કે આપણી એજ ખ્વાહેશ અને ઇચ્છા છે કે અગર કોઇ પયગમ્બર થાય તો ઇસ્હાકની અવલાદમાં થાય, પણ ખરી વાતતો એછે કે આપણને એમાં શું દખલ છે ? પરવરદિગાર જેને ચાહે તેને તે રુત્બો અતા ફરમાવે, આપણું કહ્યું તો કયાંથી થાય ? જે ધણી અને માલિક ચાહે તેજ થાય માટે આ દુસ્મની અને અદાવતથી તમારે હાથ શું આવશે ? હવે તો એજ ઘટે છે કે મોહમ્મદસ૦ સાથે કાંઇ પણ લડાઇ ટંટા વિના મળી જાઓ અને તેના ઉપર ઇમાન લાવો કે જેથી દુન્યામાં જાનમાલથી રક્ષણમાં રહો અને આખેરતમાં દોઝખના અઝાબથી મુકત રહો, જ્યારે તેઓએ આ વાતો સાંભળી ત્યારે તે સઘળાંઓના દિલ ગુસ્સાથી ટુકડે ટુકડા થઇ ગયાં અને તેઓ કહેવા લાગ્યાં કે ખુદા અમોને તેવો દીવસ ન દેખાડે, જો અમો કલીમુલ્લાહનો રસ્તો તજી દઇ હઝરતે મોહમ્મદ સ૦નો રસ્તો ઇખ્તીયાર કરીયે અને કારણ વિના તેના તાબેદાર બનીયે તો અમારો માલ અને અસબાબ સઘળું તબાહ થઇ જાય, અગર અમોને સુળીયે ચઢાવે તોપણ અમો તવરેતથી નહીં ફરીયે, કનાના આથી નરમીથી વાત કરવા લાગ્યો અને બોલ્યો કે અગર તમો તેનો દીન કબુલ કરી શકતા નથી તો પછી તમારો માલ અસ્બાબ અને તમારી જાન બચે એવું કરો અને નહીં તો મેં કહ્યું એમ કરવું ઠીક છે. યાદ રાખો કે હવે આપણા માટે દેશ નીકાલનો હુકમ થવામાં કાંઇ વાર રહી નથી અને તેનું બહાદુર લશ્કર આપણને પળવારમાં કતલ કરી નાંખશે, યહુદીયોએ જ્યારે આવી વાત સાંભળી ત્યારે જો કે તે વાત પસંદ તો આવી નહીં પણ લાચારીના કારણથી પોતાની ઝિલ્લત અને ખ્વારીથી હાથ ઉઠાવ્યો અને જે કાંઇ કનાનાએ સુચવ્યું તે પ્રમાણે કરવા તૈયાર થયાં એટલામાં હઝરતે રસુલે ખુદા સ૦નો કાસિદ પણ આવી પુગ્યો અને હઝરતેરસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦નો ફરમાન કહી સંભળાવ્યો, આ સાંભળી તેઓના ચ્હેરા ફિક્કા પડી ગયા અને એક બીજાનું મોંહ તકતા રહ્યા અને જવાબમાં કહ્યું કે હા અમો દસ દીવસમાં દેશ તજી દઇશું.

## પ્રકરણ ૧૦૪

### અબ્દુલ્લાહ બિન ઓબયે યુહદીયોને ફેરવી નાંખવા અને હઝરતે રસુલે ખુદાસ૦નું સવાર થવું.

મનકુલ છે કે જ્યારે યહુદીયો પોતાના દેશ નિકાલનો સામાન અસ્બાબ તૈયાર કરવા લાગ્યા અને દસ દીવસની મોહલતમાં પોતાનું વતન તજી દેવા માટે તૈયાર થયાં ત્યારે અબ્દુલ્લાહ બિન ઓબયે કે જે પહેલાથીજ હઝરતે રસુલે ખુદાસ૦ સાથે નિફાક રાખતો હતો અને હઝરતે રસુલે ખુદાસ૦ ઓહોદમાં દુશ્મનોના પુષ્કળ માણસોને ઠાર માર્યા તેથી પણ નારાજ હતો તેણે યહુદીયોને લખી મોકલ્યું કે અરે મુર્ખાઓ તમો જે તૈયારી કરો છો અને તમોએ જે

નિશ્ચય કર્યો છે તે ખરેખર સનદ વિનાનો છે, જો મ્હારૂં કહ્યું માનો તો પોતાનો દેશ છોડો નહીં અને જરાએ આધા પાછા થાઓ નહીં, અને અગર મોહમ્મદ સ૦ તમારા ઉપર તંગી કરે અને તમારી સાથે સખ્તીથી વરતે તો પણ તેનો સામનો કરો અને તેની સાથે બેધડક લડાઇ કરો અને બે હઝાર માણસોના શુરવીર લશ્કર સહીત મને પણ તમારો મદદગાર સમજો અને સખ્તીના વખતમાં મને સાચો દોસ્ત જાણો, અને જ્યારે તમો લડાઇ કરવા તૈયાર થશો ત્યારે તમારી કુમકે "કરીઝા" ના યહુદીયો પણ આવશે અને તેથી ગતફાન વાળા પણ મદદ આપતાં અટકશે નહીં કેમકે "કુરીઝા" અને ગતફાને અરસપરસ એક બીજાની મદદના કૌલ કરાર કરેલાં છે, અને જ્યારે તમોને આટલી બધી મદદ મળશે અને તમારો રોઆબ અને દમામ વધી પડશે ત્યારે મોહમ્મદ સ૦ તમારી ટક્કર ઝીલી શકશે નહીં, હયઅખતબે જ્યારે આ તદબીર સાંભળી ત્યારે તે શયતાનનો ચ્હેરો લાલચોળ થઇ ગયો અને તેને નાદાનીનો નીશો ચઢયો, અને તેણે પયગમ્બર સ૦ને એવો સંદેશો મોકલ્યો કે અમારા માટે દેશ નિકાલ થવું ઘણું સખત છે તમારાથી થાય તે કરી લ્યો, હઝરતે રસુલે ખુદા સ૦ જ્યારે આ સંદેશો સાંભળ્યો ત્યારે એકદમ ગુસ્સે થઇને "અલ્લાહો અકબર" કહ્યું અને સઘળાં અસ્હાબો પણ "અલ્લાહો અકબર"ના નઅરા કરવા લાગ્યા એટલે સુધી કે ન્હાના મોહટાની તકબીરના અવાજથી આખી મસજીદ ગાજી ઉઠી, પછી હઝરતે પોતાના અસ્હાબો અને મદદગારોને ફરમાવ્યું કે હાં જલ્દીથી લડાઇની તૈયારી કરો અને તે બદબખ્ત કાફેરોને જહન્નમમાં પહોંચાડો અને પછી તે યહુદીયોના કાસીદને કહ્યું કે જા હુય્ય અખતબને કહે કે

કે ગર મરદી અકનું નિગેહદાર જાય૦
કે દનાઃ રસીદમ બફ્ઝલે ખુદાય૦

અગર તું મરદ છે તો સાવધ થઇને બેસ હું હમણા હાલ ત્હારી સાથે લડવા માટે ખુદાએતઆલાના ફઝલો કરમથી આવી પહોંચ્યું છું પેલો કાસિદ હઝરતને ગુસ્સે જોઇ સંદેશો લઇ દુમ દબાવી નાઠો અને જે કાંઇ જોયું હતું. અને સાંભળ્યું હતું તે અખતબ અલયહિલ અઝાબને આવીને વિસ્તારવાર કહી સંભળાવ્યું, તે બદબખ્તે પણ લડવા માટે તૈયાર થઇ પોતાની કમરને મજબુત બાંધી અને લડાઇનો અસ્બાબ તૈયાર કર્યો, પણ તે બદ બખ્ત પોતાના મનમાં પોતાના આવા બેહુદા અને સાહસકર્મ ઉપર ઘણો પસ્તાવા લાગ્યો અને પોંતાની જીભને ઘણા તઅન અને મ્હેણાં મારતો હતો કે હે કમબખ્ત આ વાત તું કેમ બોલી ઉઠી ? અફસોસ મેં આ શું કર્યું અને મ્હારા ગઝબે મને કેવી વાંત સુઝાડી ? પણ હવે પરતાએ શું થાય છે ? જે બોલ્યા તે નભાવો, જ્યારે તીર કમાનમાંથી નીકળી જાય અને આકાશ ઉપરથી વીજળી પડી જાય ત્યારે બચવાની આશા કયાંથી રહે? આવા વિચાર કરી તેણે તૈયારીયો કરી, પહેલાં તો તેણે કીલ્લાના દરવાજા બંધ કરાવી દેવરાવ્યાં અને દરેક કંગરા અને બુરજાની નીચે ઇંટોના અને પત્થરના ઢગલે ઢગલા વાળી દીધાં અને દરેક મીનારામાં કચરાથી ભરેલાં ટોપલે ટોપલાં ગોઠવી દીધાં અને દરેક બુરજ ઉપર શુરવીર લડવૈયાઓ બેસારી દીધાં, જ્યારે તે આવી રીતે સઘળી તૈયારીયો કરી રહયાં કે તરતજ સામેથી મહા મોહટો ધુળનો મોહટો ગુબાર ઉડતો જણાયો, હઝરતે રસુલે ખુદા સ૦ નું વિજળી લશ્કર આવતુ દેખાયું લશ્કરની આગલ હઝરતે રસુલે ખુદા સ૦ સાંઢણી ઉપર સ્વાર થએલાં હતા તેઓની બાજુમાં હઝરતે અલીઅ૦ વિજળી વાવટા લઇ ચાલતા હતા, હઝરતે રસુલે ખુદા સ૦ના શીશ મુબારક ઉપર જીબરઇલે પોતાની પાંખેનો

છાંપો કર્યો હતો. આ લશ્કર સમીસાંજના વખતે ત્યાં આવી પહોંચ્યું હતું. અને હઝરતે રસુલે ખુદાસ૦ કીલ્લાની નજદીક પહોંચતાંજ ફરમાવ્યું કે આ કીલ્લાને ઘેરી લીયો અને એકે માણસને બહાર આવવા ન દયો, હુકમ થતાંજ લશ્કર કીલ્લાની આસપાસ વીંટળાઇ વળ્યું અને હઝરતે અલીઅ૦ પોતાનો ઝરરીન ફરેરો ખોલી દીધો, ત્યાર બાદ લશ્કરથી થોડીક દુર હઝરતે રસુલે ખુદા સ૦ માટે એક તંબુ ખેંચવામાં આવ્યો કે તે જનાબ તેમાં તશરીફ લાવ્યાં, યહુદીયોએ કીલ્લા ઉપરથી, ઇસ્લામીયો ઉપર તીરોનો ઇંટોનો અને પથરોનો વરસાદ વરસાવવા શરૂ કર્યો અને ચારે તરફથી કચરાના ટોપલા પડવા લાગ્યાં, થોડીજ વારમાં પવન તદ્દન કચરાવાળો અને પૃથ્વી પથરાઓથી ભયંકર થઇ ગઇ, અને કોઇ પણ માણસને તે મેદાનમાં પગ ઠેરાવવાની જગ્યા ન રહી. શુરવીરો અને બહાદુરો વિચારમાં પડી ગયા કે હવે આ લડાઇ કેવી રીતે લડવી અને શું યુક્તી કાઢવી ? એટલામાં એક ઝબરદસ્ત તીર મારનારાએ કે તેનું તીર બરાબર પાંચસો કદમ જતું હતું તેણે એક તીર હઝરતના તંબુ ઉપર માર્યું અને તેથી પરદો ચીરાઇ ગયો અસહાબોને આથી ઘણું દુઃખ પહોંચ્યું પણ કોઇનો કાંઇ કાબુ ચાલતો નહીં, શું કરે ? લાચાર તે જગ્યાથી પવિત્ર તંબુને ઉઠાવી બીજી જગ્યાએ ઉભો કીધો કે જેથી યહુદીયોના તીરથી પરવરદિગારના રક્ષણમાં રહે, રાવી કહે છે કે તે વખતે બન્ને તરફથી એવી સખત લડાઇ ચાલતી હતી કે ઇશાના નમાઝનો વખત તંગ થઇ ગયો. તો ઇસ્લામીયોએ લાચાર થઇ હઝરતે અલી અ૦ ની સાથે નમાઝ અદા કરવાનો કસ્દ કર્યો અને કીલ્લાથી થોડેક આઘે જઇ નમાઝ પડવી શરૂ કીધી. જ્યારે નમાઝથી ફારિગ થઇ ચુકયા ત્યારે વળી પાછા ભુખ્યા વાઘની પેઠે કીલ્લાની આસપાસ આવ્યા આ વખતે વખત તંગ થવાથી લડાઇ થંડી પડી. ઇસ્લામી કીલ્લાની આસપાસ વીંટળાઇને બેઠા હતા અને કોઇને પણ કીલ્લાની બહાર નીકળવા દેતાં નહતાં, અને પેલાં બદબખ્તો પણ કીલ્લાઓમાં હુશીયારીથી બેઠાં હતાં કે રખેને મુસલમાનો રાતરે છાપો મારે નહીં અને કીલ્લાને જડથી ઉખાડે નહીં એટલામાં આવા સખત વખતમાં હઝરતે અલી અ૦ હાઝેરીનની નજરોથી ગાયબ થઇ ગયાં, આથી જે લોકો જહાદમાંથી નાશી ગયાં હતાં તેઓ હઝરતે અલી અ૦ના ગાયબ થવાને નાશી જવું સમજી હંસતા હંસતા હઝરતે રસુલે ખુદાસ૦ની ખીદમતમાં દોડતાં આવ્યાં અને જાહેરમાં અફસોસ દેખાડી કહેવા લાગ્યા કે યા નબીયલ્લાહ હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ આપણા લશ્કરમાં જણાતા નથી ? કોણ જાણે તેઓને શું થયું ? શું તેઓ નાશી તો નહીં ગયા હોય ? ખુદા જાણે આવી સખ્તીના વખતમાં તેઓના મનમાં શું એ આવ્યું ? હઝરતે રસુલે ખુદાસ૦ ફરમાવ્યું શાંત થાઓ, તેઓ કદી લડાઈના મૈદાનમાંથી નાસેજ નહીં, બલકે તેઓ આ કરતાં વધુ સારા કામ માટે ગયા છે તેઓથી દોસ્તોના દીલ ખુશ થશે ! અને દુશ્મનોના દલ અગ્નીની જેમ બળશે! હજુ આ વાત તમામ થઇ નહતી એટલામાં હઝરતે અલીયે મુરતઝા વસીયે રસુલે ખુદાએ પોતાના સુર્ય જેવા તેજસ્વિ મુખનો પ્રકાશ આપ્યો, તે વખતે તેઓના હાથમાં ખંજર અને પંજામાંથી લોહી ટપકતું હતું, અને આવતાં વેંતજ તે માથું હઝરતે રસુલે ખુદાસ૦ના પગ મુબારક આગળ નાંખી દીધું અને અરજ કીધી ] યા રસુલલ્લાહ આ માથું એ બદબખ્તનું છે કે જેણે આપના તંબુ ઉપર તીર માર્યું હતું, હઝરતે જ્યારે આ સખુન સાંભળ્યો ત્યારે હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ને પોતાની છાતી સાથે ચાંપી લીધાં અને ફરમાવ્યું કે મરહબા! શાબાશ ! એ તો કહો કે આ બદબખ્ત તમોને

ક્યાં મળ્યો ? અને તેને કેવી રીતે કતલ કર્યો ? હઝરતે અલી અ૦ અરજ કીધી યારસુલલ્લાહ મને એવો ગુમાન થયો કે તે બદબખ્ત કદચ રાતરીના અંધકારનો લાભ લઇ કાંઇ ફીતનો ઉભો કરે અને કદાચ પોતાની કુવ્વત ઉપર નાઝાં થઈ ઇસ્લામીયો ઉપર છાપો મારે, તો પછી મુસ્કેલી આવે, તેથી તેને અત્યારથી શોધી ઠેકાણે પાડવો ઠીક છે એમ ધારી તેને શોધવા માટે કીલ્લાના દરવાજા ઉપર ગયો, પણ અલ્લાહની કુદરત ! મ્હારી તદબીર મ્હારી તકદીર પ્રમાણેજ હતી તેથી હું ગયો કે તરતજ તે મલઉને કીલ્લાનો દરવાજો ખોલ્યો અને તેની સાથે ઢાલ તલવાર વાળા નવ જવાનો હતા, મેં તેને જોઇ લીધો કે તરતજ પરવરદિગારની મદદથી તેને શમશીર નીચે કર્યો અને તેના સઘળા સાથીયો નાશી ગયા ! અને હવે આશા છે કે આપ રજા આપો તો તેના સાથીયોને પણ કતલ કરી આવું કે કદાચ તે ભગોડીયા હજુ દરવાજા આગળજ હશે અને લડવા ચાહતા હશે, હઝરતે રસુલે ખુદાસ૦ આથી હઝરતે અલી અ૦ની ઘણી તઅરીફ કરી કે દરેક દુશ્મનના મોંહ ઉપર પીળાશ છાઇ ગઇ, પછી હઝરતે રસુલે ખુદાસ૦ તેઓની સાથે આઠ શુરવીરો કરી આપ્યા અને ફરમાવ્યું કે ઝડપથી જઇને તેઓના માથા કાપી લાવો અને જે કોઇ મુકાબલામાં આવે તેને બેધડક કતલ કરો; હઝરતે અલી અ૦ આ હુકમ સાંભળીને ઝમીને અદબને બોસો આપ્યો અને રવાના થયા, બનવાકાળ તે બદબખ્તો હજુ કીલ્લાની બહારજ હતાં અને ઇસ્લામીયો ઉપર હુમલો કરવાનો વિચાર કરતા હતા. તે વખતે ઇસ્લામીયો પણ જઇ પહોંચ્યા અને ઇસ્લામીયોએ તલવારો અને હથીયારો ઉપાડયા અને લડાઇ શરૂ થઇ—

ચું દસ્તે દિલેરાદીં શુદ બલંદ૦
શુદઆં કૌમરા દસ્તો પા હરદો બંદ૦
નદસ્તે સતેઝો નપાએ ગુરીઝ*
નિહાદન્દ સર ઝેરે શમશીરે તીઝ*

એટલે તો યહુદીગોના હાથ પગ બન્ને બંધ થઇ ગયા, તેઓ હાથ ઉગામી શકયા નહીં તેમજ પગ વડે નાશી શકયા નહીં, પણ પોતાના માથા તલવારો નીચે ધરી દીધાં. હાસિલ કલામ તે સરવેના માથા કાપીને હઝરતે રસુલે ખુદાસ૦થી ખીદમતમાં લઈ આવ્યા, હઝરતે દરેક નામદારને ઘણી શાબાશી આપી અને સઘળાં મોઅમિનો હઝરતે રસુલે ખુદાસ૦ની તાબેદારીમાં રહી પરવરદિગારની હમ્દો સના બજાવી લાવ્યા, તે પછી જન.બે રસુલે ખુદાસ૦ પોતાના અસ્હાબોને હુકમ આપ્યો કે તે બદબખ્તોના માથા ઝુમખાઓની જેમ ઝાડોની ડાળીયો ઉપર લટકાવી દીયો કે તેથી યહુદીગો કીલ્લાની ફાટકો માંથી પોતાના માણસોના માથા જુવે અને પોતાની કરણીનું ફળ જોઇ મનમાં બળે અને અફસોસ કરે. મુજાહીદોએ તરતજ દરેક બદબખ્તનું માથું જુદુ જુદુ ઉંચા ઉંચા ઝાડ ઉપર લટકાવી દીધાં, પછી જ્યારે સુર્ય પ્રગટયો અને સવાર પડી ત્યારે યહુદીયોએ જંગલની તરફ ગૌર કરીને જોયું તો પેલા માથા નજરે પડયા આથી તેઓની આંખોમાં અંધકાર છાઇ ગયો અને કાળા વાદળની પેઠે તેઓના મનમાંથી ધુમાડો નીકળવા લાગ્યો અને આંખોમાંથી આંસુઓને બદલે લોહી નીકળવા લાગ્યું અને પોતાના ઝાનુઓ ઉપર હાથ પટકવા લાગ્યા, કદી તો તેઓ પોતાની તનહાઇથી ગભરાતા હતા અને કદી તો પોતાની એવી વર્તણુકથી શરમાતા હતા તો પણ અબ્દુલ્લાહ બિન ઓબયની મદદની વકી ઉપર તેઓની આશા બાકી રહી હતી અને કરીઝા અને ગતફાનની મદદની પણ આશા રાખતા અને આશામાંને આશામાં તેઓએ નવ દીવસો તો ગાળ્યા, પણ પછી તો તે આશા પણ મુકી દીધી અને નવમા દીવસે હાથ ધરીને કહેવા લગ્યા કે અબ્દુલ્લાહ બિન ઓબય શયતાનના ભરમાવવાથી અમો ખ્વાર

અને ઝલીલ થયાં અને આ વખતે કરીઝા અને ગતફાનની મદદથી પણ મહરૂમ રહયા સત્ય છે કે મુસીબતના વખતે કોઇ કોઇનું નથી.

—o○o○o—

## પ્રકરણ ૧૦૫ મું.

### યહુદીયોનું ઝલીલ થવું, અને હઝરતે રસુલે તેઓને કતલ કરાવાથી હાથ ઉપાડી લેવો.

લખે છે કે જ્યારે યહુદીયો ઉપર ચારે તરફથી આવી પડી અને તેઓને કાંઇ સુઝ પડી નહીં ત્યારે લાચાર થઇ પોતે જે ખરાબ વર્તણુંક ચલાવી હતી તેનો ઉઝર કરવા માટે એક દાનીશમંદ માણસને હઝરતે રસુલે ખુદા સ૦ની ખીદમતમાં મોકલ્યો અને કહેવરાવ્યું કે યા નબીયલ્લાહ મનુષ્ય જાતી કાયા દુધથી મોહટો થયો છે અને તેની પૈદાયશમાં માટી અને પાણી મળેલું છે તો કદાચ તેનાથી ભુલ અથવા ગુનાહ થઇ જાય અથવા અજ્ઞાનતાના કારણથી કોઇ બાબત જાણતા ન હોય તો તેમાં શું નવાઇ છે? કેમકે દરેક ઐબ અને ગુનાહનું થવું તે દુધથી એક પ્રકારનો સબંધ રાખે છે, અને અગર ધારો કે અમોએ કોલને તોડી નાંખ્યો અને અજ્ઞાનતાના કારણથી આપ હજુરનો હુકમ ન માન્યો તો હવે ખુદા માટે હમારા ઉપર રહમ કરો અને અમોને એ તકસીર માફ કરો, હવે અમો અમારા કૃત્યોથી પસ્તાઇયે છીયે અને આપના હુકમના તાબેદાર છીયે અને આપ જ્યાં ફરમાવો ત્યાં ચાલ્યા જઇયે, પણ મ્હેરબાની કરીને અમારો જાનમાલ અમોને બક્ષી આપો, જ્યારે આ કાસિદ હઝરતે રસુલે ખુદા સ૦ની ખીદમતમાં આવ્યો અને સરવે હકીકત કહી સંભળાવી તો હઝરતે ફરમાવ્યું કે તે બદબખ્ત કાફેરોનો કતલગારત અને ઝીલ્લત અને ખ્વારી વિના બાજો બદલો નહતો પણ હવે નમ્રતા આજીઝા અને ગીરયઓ ઝારીથી અમાન માંગે છે તો હું તેઓને કતલ નહીં કરૂં અને તેઓને કહી દો કે અમોને તેઓના માલ મતાઅની કંઇ જરૂરત નથી અને તેઓથી બની શકે તેટલો માલ અસ્બાબ આ કીલ્લાથી બહાર લઇ જાય અને યસરિબની હદમાં કોઇ જગ્યાએ રહે નહીં; અગર આ શરત ઉપર તેઓ રાજી હોય તો અમાન છે અને નહીં તો એજ તલવાર અને એજ મૈદાન છે, જ્યારે કાસિદે જઇને તેઓને એ હુકમ સંભળાવ્યો ત્યારે સરવે જણાં વિચારમાં પડી ગયાં અને પોતાની અકલ અને સમજ પ્રમાણે ઉંડો વિચાર કર્યો પણ તેમાંથી કાંઇ નીકળ્યું નહીં અને દેશ તજી દેવા અને સઘળી શરતો ઉપર રાજી થયાં, રાવી કહે છે કે તેઓના માલ અસ્બાબ જીનસ અને રોકડના બોજથી લદાએલાં છસો ઉંટ હતા અને બોજના પ્રમાણ કરતાં જે કાંઇ વધ્યું તે પાછળ પડતું મુકયું અને કીલ્લાની બહાર નીકળ્યા, ડગલે ડગલે રડતાં હતાં અને આહેઝારી કરતાં હતાં અને નવા રહેઠાણની ફિકરમાં પડ્યા હતાં, હાંસલ કલામ તેઓ ટોળે ટોળાં થઇ પહાડો અને જંગલો તરફ વિખેરાઇ ગયાં અને જ્યાં આવ્યું ત્યાં મેહાર વિનાના ઉંટની જેમ ચાલતા થયાં.

ગુરોહે બખયબર ગુરોહે બશામ॥
ગિરિફતંદ બાઅજે દિગરજા મકામ॥

એક ટોળું ખયબર તરફ અને એક ટોળું શામ તરફ અને બીજાં બાજી જગ્યાએ ચાલતાં થયાં અને સવડ પડતી જગ્યાએ મકામ કરી રહયા જ્યારે તેઓ પોતાના દેશને તજી દઇ ચાલતાં થયાં ત્યારે હઝરતે રસુલે ખુદાસ૦ પોતાના અસ્હાબો અને અનસારો સહીત કીલ્લામાં તશરીફ લાવ્યાં અને જેટલો માલ અસ્બાબ કીલ્લામાં હતો તેટલો સઘળાં વફાદાર અસ્હાબો અને અનસારોમાં વહેંચી આપ્યો

અને જે કાંઈ ખેતરો બગીચાઓ અને સ્થાવર તથા જંગમ મીલકત પડતી રહી હતી તે સરવે ઇસ્લામીગોના નામે ચઢાવી દીધી, ત્યાર બાદ આપ દૌલતખાના તરફ તશરીફ લાવ્યાં અને સરવે જણાઓએ આ ઇનાયત ઉપર બ-બે રકઅત નમાઝ શુકરાનાની અદા કીધી.

રાવી કહે છે કે હવે ભુતકાળની વાત તરફ ધ્યાન આપશો તે એવી રીતે છે કે ઓહોદની લડાઇ પુરી થવા બાદ અબુ સુફયાન મલઉને હઝરતે રસુલે ખુદા સ૦ને વાયદો કર્યો હતો કે આવતા વર્ષે બદરમાં આવીશ અને તમારી સાથે જંગ કરીશ, તો હઝરતે પણ ફરમાવ્યું હતું કે હું પણ ત્હારી સાથે લડીશ જેમકે એ વિશે જંગે ઓહોદના બયાનમાં લખાઇ ગયું અને હવે તે એવી રીતે છે કે જ્યારે વયદો પુરો કરવાનો વખત આવ્યો ત્યારે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે બ્હાદુરો અને શુરવીરો બદરની જહાદ માટે તૈયાર થાય અને હથીયાર બાંધી શેહરની બહાર નીકળે, હુકમ થતાંજ દીનના દીલાવરો અને શુરવીરો સુશરીકો સાથે લડવા તૈયાર થયાં અને હથીયાર બાંધી કરી હઝરતે રસુલે ખુદા સ૦ ની ખીદમતમાં હાજર થયાં તો હઝરતે રસુલે ખુદા સ૦ પણ સવાર થયાં અને અરહાબો પણ આસપાસ વીંટળાઈ વળ્યા જ્યારે થોડાંક કદમ આગળ ચાલ્યા ત્યારે આપે હઝરતે અલી અ૦ને લડાઇનો વાવટો ઇનાયત ફરમાવ્યો અને બદરની તરફ જવાનો ઠરાવ કર્યો. હાંસલ કલામ જ્યારે તે રસ્તો પસાર કરી રહ્યા અને તે વિજયી સફર પુરી થઇ પછી ત્યાં કેટલાંક દીવસ સુધી ઇન્તેજાર કરતાં રહ્યાં કે અબુ સુફયાન પોતાની ફોજ સહીત આવે તો તેની સાથે લડે. પેલીમેર અબુ સુફયાને પણ સાંભળ્યું કે હઝરતે રસુલે ખુદા સ૦ પણ વાયદા પ્રમાણે મહા ભારત ફોજ લઇને બદરના મેદાનમાં આવ્યા છે અને આપણુ કુરૈશીયોના લશ્કરની રાહ જુવે છે, આથી તે મલઉને ગુસ્સે થઇને લડાઇનો ઢંઢેરો પીટાવ્યો અને મોહટા સાદે કહ્યું કે હે ! શુરવીરો નામદારો અને બહાદુરો બદર અને ઓહોદમાં માર્યા ગએલાંઓનો બદલો લેવા માટે એકઠાં થાઓ અને લડાઇનો અસ્બાબ તૈયાર કરો આ અવાજ સાંભળીને દસ હઝાર નામરદ સીપાહીયો એકઠાં થયાં અને હથીયાર બાંધી તૈયાર થઇ બે મનઝિલ સુધી ગયા, આખર તે મલઉન ઘણો પશેમાન થયો અને કુરૈશીયોના સરદારોને પોતાની પાસે બોલાવીને કહેવા લાગ્યો કે આ સફરનુ પરિણામ સારૂં આવે એમ લાગતું નથી અને આ લડાઇનું સરંજામ પણ આપણાથી થઇ શકશે નહીં કેમકે આપણને એવું યકીન નહતું કે હઝરતે રસુલે ખુદા સ૦ એહદ એક વાયદા પ્રમાણે લડવા માટે આવશે, તેથી આપણે લડાઇની જોઇયે તેવી તૈયારી વીગેરે કીધા નહીં, પણ તેઓ તો આવી પુગ્યા અને મેદાનમાં કયારનોએ પડાવ નાંખ્યો. અને આપણી સાથે માણસોની ઘણી ઓછી સંખ્યા છે તેથી તેઓ લડાઇમાં જીતશે એવી આશા રાખી શકાય છે, વળી અધુરામાં પુરૂં આ વખતે સખત દુકાળ છે અને તેથી જેને જોઇયે છીએ તે તે બલામાં ફસાએલો દેખાય છે, જો આપણે હમણાં કહ્યાએલોની મદદ માંગીયે તો તેઓ પણ મદદ આપી શકે તેમ નથી તેથી આ લડાઇનું સારૂં પરિણામ આવવાની વકી રહેતી નથી. માટે હું તો આ વખતે લડાઇ ન કરવાનેજ બેહતર સમજાું છું કેમકે જે કામ કરવું તેનો પહેલેથી ઉંડો વિચાર કરવો જોઇયે, આ બાબત સરવે જણને પસંદ પડી કેમકે તેઓ સઘળાં દુકાળની બલાથી પરેશાન હતાં ઉપરાંત મુસલમાનોના ગલબાથી પણ ગભરાએલાં હતાં તેથી બોલ્યા કે નાહકનીથી શા માટે પોતાની જાનને હલાકતમાં નાંખીએ એમ વીચાર કરીને તરતજ ત્યાંથી

નાઠા બલકે સરવે જણના હોશ ઉડી ગયા. જ્યારે હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ સાંભળ્યું કે અબુ સુફ્યાન લડવાના ઇરાદાથી કાબાથી બે મનઝિલ સુધી આવ્યો અને પછી પશેમાન થઇ પાછો બતદાની તરફ ચાલ્યો ગયો, તો તેથી હઝરતને ઘણી ખુશી હાસિલ થઇ અને શુક્રાનાની બેરકઅત નમાઝ અદા કરીને પછી હુકમ આપ્યો કે હવે અહીંયા રહેવું ફેગટ છે સરવે મોઅમિન પોત પોતાના રહેઠાણ તરફ કુચ કરો, અને પર વરદિગારની ઇબાદતમાં મશગુલ રહો. બીજે દી જ્યાં પડાવ નાંખ્યો હતો ત્યાંથી પડાવ ઉપાડયો અને થોડાં દીવસ પછી મદીનામાં જઇ પહોંચ્યા.

**બેયામદ બદૌલતસરા આં જનાબ૦.**
**રસીદાં બબુરજે શરફ આફતાબ***

હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ પોતાના દૌલતસરામાં આવ્યા જાણે કે અફતાબ ( સુર્ય ) બુઝુર્ગીના બુરજમાં દાખલ થયો હોયના !

—o<o<>o>o—

## પ્રકરણ ૧૦૬.

—o-o◎o-o—

### હીજરતના પાંચમા વરશે દુમતુલ જંદલ કીલ્લાની લડાઇ થઈ તે બયાન.

નકલ કરે છે કે હીજરતની પાંચમી સાલની શરૂઆતમાં જનાબે રસુલે ખુદાસ૦ એક દીવસ મસજીદમાં બેઠા હતા, તે વખત એક જણાએ એવા સમાચાર આપ્યા કે રૂમની મમલેકતમાં હદસની જમીનમાં એક બહુજ મજબુત કીલ્લો છે કે તેના જેવી બીજી કોઇ જમીન અરબની જમીનમાં નથી અને તેવી ન જોઇ છે ન સાંભળી છે, અને ઉત્તમ કારીગીરોએ પત્થરના એક તખ્તાથી તેને એક ઉંચા પહાડની જેમ કોતરી કાઢેલ છે અને તેને "દુમતુલ જન્દલ" કહે છે અને તેમાં તમામ મુશરીકો રહે છે અને કીલ્લાવાળાએ પોતાની સઘળી કૌમો સાથે એવો સંપ કર્યો છે કે આ શેહર ઉપર ઓચીંતો હુમલો કરીયે અને જે હાથ આવે તે લઇ લઇયે. આ વાત સાંભળીને હઝરતે રસુલે ખુદા સ૦ હુકમ આપ્યો કે દીનના દીલાવરો અને શુરવીરો પોતાની કમરો મજબુત બાંધો અને તે મુશરીકોનો નાશ કરવા તૈયાર થાય તે પછી પોતે પણ તૈયાર થયા અને સુર્યની જેમ સવારીના ઝીન ઉપર સ્વાર થયાં અને વિજયી ડંકો વાગવો શરૂ થયો, અને શુરવીર મોહાજીરો અને બહાદુર અનસારોએ હઝરતે રસુલે ખુદાસ૦ની આસપાસ પોતાની હાર ગોઠવી, અને હઝરતે અલી અ૦ વાવટો હાથમાં લીધો એકદમ કીલ્લાનો રસ્તો લીધો, અને રાતરે કુચ કરવાનો અને દીવસે પડાવ નાંખવાનો રીવાજ રાખ્યો કે જેથી દુશ્મનો ઇસ્લામીયો હુમલો કરવા માટે આવે છે તે બાબતથી અજાણ્યા રહે.

થોડા દીવસ પછી જ્યારે તે કીલ્લાની પાસે પહોંચ્યા ત્યારે ખબર આપનારાઓ અને બાતમી કાઢનારાઓએ ખબર આપી કે આ કીલ્લાની આસપાસના ચરાઓમાં ઢોર ઢાંખર અને ઉંટ બકરાં ઇત્યાદી પુષ્કળ છે અને રાત દીવસ અહીંયા ચર્યા કરે છે તેઓ વિશે શું હુકમ છે ? તેઓને પકડી લઇયે કે આ જંગલની હદ બહાર કાઢી મેલીયે ? હઝરતે રસુલે ખુદા સ૦ આ વાત સાંભળીને ઇશારો કર્યો કે સઘળાં ઢોર ઢાંખરને પકડીને અહીયા લઇ આવો અને તેના જે રખવાળ હોય તેઓને પણ જવા ન દ્યો જ્યારે આ પ્રમાણે હુકમ મળ્યો ત્યારે ઈસ્લામીયોના ન્હાના મોહટા ચારે તરફ ફેલાઇ ગયા અને ઢોર ઢાંખર પકડવામાં મશગુલ થયાં થોડીજ વારમાં સરવે ઢોર ઢાંખરને પકડીને લઈ આવ્યા અને તે મુશરીકોમાંના એક માણસને પણ પકડી લાવ્યા, જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ની ખીદમતમાં હાજર થયા ત્યારે, પેલા

કૈદીને ફરમાવ્યું કે અએ કમબખ્ત કીલ્લાની શું ખબર છે? અને તે કાફેરોની શું સંખ્યા છે? અને તેઓનો શું વિચાર છે? તેણે ધ્રુજતા ધ્રુજતા અરજ કીધી કે યા નબીયલ્લાહ કીલ્લાના રહેવાશીઓએ સાંભળ્યું હતું કે દીન અને દુન્યાના બદશાહ મહાભારત લશ્કર સહીત અહીંયા કાલે સવારમાં આવી પહોંચશે અને સુર્ય ઉદય થતા સુધી તો આ મૈદાન તેઓથી ભરાઇ જશે, તો એ ખબર સાંભળતાંજ સરવેના હોશ ઉડી ગયા છે અને બેહદ ખૌફના કારણથી દરેક તલવાર વાળા બહાદુરના અંગ ધ્રુજી ગયા છે અને તેઓનાભેજાઓમાંની મગરૂરી નીકળી ગઈ છે, અને તેઓ એટલાં બીહના છે કે જાણે તેઓના ખોળીયાઓમાં પ્રાણ નથી અને તેઓ ધનમાલના રક્ષણની યુકતીયો શોધે છે અને પોતાના માલને લેવાયો તેટલો લઇ લઇને જંગલની તરફ રવાના થઇ ગયા છે ખુદા જાણે કેણી મેર ચાલ્યા ગયા! જ્યારે આપે આ વાત સાંભળી ત્યારે પરવરદિગારનો શુકર બજાવી લાવ્યાં અને અસહાબોને ફરમાવ્યું કે તમો જાઓ અને કીલ્લામાં તેઓનો જેટલો માલ હોય તેટલો એકઠો કરો અને પોત પોતાનો ભાગ વહેંચી લ્યો, તે પછી ત્યાં થોડાંક દીવસ મુકામ કર્યો અને જુદા જુદા અસ્બાબને ત્યાં લાવીને એકઠો કર્યો અને હઝરતે રસુલે ખુદા સ૦ તે માલ દરેક અસહાબને વહેંચી આપ્યો, અને બીજે દીવસે પોતાના વતન તરફ ચાલ્યા.

# હઝરતે મેહદી અ૦ નો અહવાલ.

લ૦ એલ. સી. મોઅમીન અમદાવાદી.

ભેટ મોકલની ઃ
શેઠ લાઈજી
હાજીભાઈ મામદભાઈ
માહીમ (મુંબાઈ)

## હઝરતે ઇમામે મેહદી અ૦ ની કેટલીક ખસલતો.

હઝરતે ઇમામે મેહદી અ૦ ના શેમાયલ વિશે સુન્ની અને શીઆઓમાં જુદી જુદી રીવાયતો છે, ઇકમાલુદ્દિનમાં શેખુલમશાયખ અલ્લામા સદુક લખે છે કે હઝરતે મોહમ્મદ સ૦ મે ફરમાવ્યું કે હઝરતે મેહદી અ૦ સર્વ લોકો કરતાં વધારે રૂપવાન છે, અને વિવેક (ખુલ્ક) અને આલ ચલણ અને બોલવા ચાલવામાં મ્હારા જેવા છે. અને ગૈબતે નોઅમાનીમાં કઅબુલ અહબારથી મરવી છે કે હઝરતે મેહદી અ૦ સર્વે લોકો કરતાં વધારે રૂપવાન છે, અને ઉતપત્તિ અને વિવેક અને રૂપ આકૃતિમાં હઝરતે ઇસા અ૦ છે, જો કે તે સંબંધમાં ઘણી રીવાયતો જુદી જુદી વારીદ થએલીયો છે પણ હું અહીં તઅરૂફની રીતે બનતા સુધી સામટી રીતે લખીશ

લખાયું છે કે હઝરતે ઇમામે મેહદી અ૦નો રંગ "અબયઝ મશરબુલ હમરહ"છે એટલે એવો સુફેદ છે કે તેમાં રતાશ મળેલી હોય અને તે રતાશનો ભાગ વિશેષ હોય, અને તેમનો રંગ અને રાતના ઉજાગરાથી ચ્હેરા ઉપર જેવી પીળાશ આવે છે તેવી પીળાશ

મારતો ઘઉં રંગી છે. અને તેઓનો રંગ અરબી રંગ છે, અને તેમનું શરીર બની ઇસરાઇલ જેવું છે, અને મધ્યમના જવાન છે, અને તેઓનું કપાળ ઘણું પહેળુ છે. અને તેઓની બન્ને ભ્રમરો એક બીજાને મળેલી છે, અને તેઓનું નાક મુબારક ઉંચુ અણીવાળું અને લાંબુ તથા ખુબસુરત છે, અને ખુબસુરત ચ્હેરાવાળા છે અને તેઓના ગાલોનો પ્રકાશ એટલો તો વિશેષ છે કે તેમાં તેમની દાઢી મુબારકની અને સર મુબારકની કાળાશ છુપી ગઇ છે. તેઓનો ચ્હેરો સફાઇ, સ્વચ્છતા અને બે ઐગીમાં અશરફી જેવો છે, અને તેઓના ગાલ મુબારક ઉપર એક તલ છે કે તેને જોનારો એક ચમકતો તારો ગણે, તેઓના દાંતો વચ્ચે પહોળાઇ છે, તેઓના વાળ ખુબસુરત છે, અને તેઓના ખભા ઉપરના હાડકાના વાળ ખરેલા છે, તેઓની બન્ને ભ્રમરો વચ્ચે ઉંચાઇ છે, તેઓની આંખો મુબારક તેઓની આંખોના ગોખલામાં બેઠેલીયો છે. તેઓના ચ્હેરા ઉપર એક પ્રકારનો અસર છે અને તેઓના સરમુબારકમાં એક ચિન્હ છે, તેઓનું પેટ મુબારક મોહટું ચોડુ અને વિશાળ છે, તેઓની છાતી ચોડી અને વિશાળ છે, અને તેઓના ખભા પહોળા અને દુર છે. અને ખભાનાં હાડકાં ઉપસેલાં છે. તેઓનાં બન્ને ખભાઓ વચ્ચે પહોળાઇ અને દુરી છે. તેઓની પીઠ મુબારક ઉપર બે નીશાનીયો છે, જેમાંની એક તો તેમના શરીરના રંગની છે અને બીજી હઝરતે મોહમ્મદ સ૦ નો પીઠ મુબારક ઉપર જેવી નીશાની હતી તેના જેવી છે, તેઓની દાઢી મુબારક પુષ્કળ વાળવાળી ઘેહરી છે અને તેઓની આંખો મુબારકો કાળી સુરમો નાંખેલી અને તેઓના ગાલ મુબારક ઉપર તલ છે અને તેઓના ખભાઓ ઉપર હઝરતે મોહમ્મદસ૦ ની નબુવ્વતની નીશાનીયો છે, પરતુ રંગ અને આકૃતિમાં તફાવત છે.

કીતાબ લખનાર સાહેબ કહે છે કે હઝરતે મોહમ્મદ સ૦ ના ખભા મુબારક ઉપર નબુવ્વત ખતમ થવાની નીશાની હતી, એવીજ રીતે કદાચ હઝરતે મેહદી અ૦ ના ખભા ઉપર **વસીયત** (વસીપણું) ખતમ થવાની નીશાની હશે કેમકે તેઓ કયામત સુધી હઝરતે મોહમ્મદ સ૦ ના વસી છે, હઝરતના સાથળો પહોળા છે તેઓના સાથળો ઉપર ઘણો માંસ છે અથવા સાથળનું હાડકું ગોશ્તમાં છુપું છે, અને તેઓના જમણા સાથળમાં એક નીશાની છે, અને તેઓના પગ મુબારક પાતળા છે, અને તેઓના બન્ને ખભાઓ વચ્ચે એક નીશાની છે, અને તેઓના બન્ને ખભાઓની નીચે, મેદી—મટલીના ઝાડના પાંદ જેવું એક પાંદ છે, અને તેઓના દાંત મુબારક અણીયાળા અને ચોડા અને એક બીજાને મળેલા છે, અને શમશીર સળગતી આગ સમાન છે તેઓના ગાલ ચમકતા તારાઓ સમાન છે અને જમણા ગાલ ઉપર એક કાળો તલ છે, અને તેઓના ચ્હેરા મુબારક ઉપર જમણી બાજુએ એક તલ છે કે જે અંબર ઉપર કસ્તુરીના પડેલા ટુકડા સમાન છે, હઝરતે મેહદી અ૦ જન્નત વાશીયોના મોર છે, અને તેઓનો ચ્હેરો પ્રકશિત ચંદ્ર જેવો છે. અને તેઓના શરીર ઉપર નુરનો પોશાક છે, તેઓના શરીર ઉપર કુદસીયા જામા, અને નુરાનીયા તથા રબ્બાનીયા ખિલઅતો છે કે જે ખુદાવંદે તઆલાના ફઝલ અને ફૈઝના પ્રકાશથી પ્રકાશ પામે છે, અને તેઓનું કદ નેતરના ઝાડની ડાળી સમાન અથવા તુળશીના ઝાડની ડાળી સમાન છે ભાવાર્થ એ છે કે ન ઘણું લાંબુ છે ન તેમજ ઘણું ટુંકું છે, તેઓનું કદ મધ્યમ અને તેમનું માથુ મુબારક ગોળ છે, તેઓની પેશાની મુબારક વિશાળ

ચમકતી અને નરમ છે, તેઓની ભ્રમરો તીર સમાન ખેંચેલી છે. તેઓના ચ્હેરાનો ગોસ્ત થોડો છે, તેઓની પેશાની પ્રકાશીત, અને તેઓનો પવિત્ર ચ્હેરો સુફેદ અને તેઓની આંખો મુબારક ચમકતી, તે હઝરતના હાથની હથેલીઓ નરમ સુંદર તેમજ સખ્ત છે, અને તેઓના સાથળો મોહટા હોવાના કારણથી પગો તરફ ઝુકતા છે, હઝરતે ઇમામે મેહદી અ૦નું સ્વરૂપ ઉપર લખાયું તેવી રીતે સંક્ષેપ્તમાં પુર્ણ થયું.

નિશંશય ઝમીનો ઝમાનના લંગર ખુદાની મખલુકાત ઉપર હુજ્જત કે જે કયામત સુધી રેહનાર હોય તે આવાજ સ્વરૂપવાન અને આકૃતિવાળા હોવા જોઇએ હમણાં પંજાબ માં **ગુલામ એહમદ કાદયાની** તથા આજથી ચોસઠ વર્ષ ઉપર ઇરાનમાં થઇ ગએલા **મીરઝા મોહમ્મદ બાબ** જેવા હોવા જોઇએ નહીં. કેમકે તેઓ પુર્ણ સહી સલામતીનો વખત હોવાથી, તથા પોતાની અજ્ઞાનતાથી ખુદાની મખલુકાતને ભરમાવે છે, અને જેઓ અજ્ઞાની હોય છે તેઓજ તેવાઓના ફંદમાં સપડાય છે. આ એક અચંબો પામવા જેવી વાત છે પણ તેથી વધારે અચબો પામવા જેવી બીના એ છે કે આ દેશમાં એવાં તો અજ્ઞાની લોકો છે કે લગારે વિચાર કરતા નથી અને પોતાના દીનની કીતાબોનો અભ્યાસ સાચા મઅરેફત પામવા કરતા નથી, અને ખુદા કોણ છે, તેની શીશી આજ્ઞાઓ આપણા ઉપર છે. નબી, ખલીફા, વલી વઝીર અને વસી અને ખુદા તરફનો ઇમામ કેવા ગુણવાળો હોવો જોઇએ વિગેરે બાબતો શીખતા નથી, અને શું દરેક ગુન્હેગાર ફાસિક ફાજિર જાની ચોર લુતી, અને નીંદાખોર જુઠો ફીતનાબાઝ રાજદ્રોહી, **નબી** અથવા **વસી** અથવા ઇમામ બની શકે છે? અથવા હોઇ શકે છે! એ વિષય ઉપર લગારે અકલ ન દોડાવતાં જેમ પવનના ફુંકાવાથી હલકી વસ્તુ જેવી કે તણખલું ઇત્યાદી ધસડાઇ જાય છે. તેમ તેઓ પણ ધસડાઇ ધુતારાઓ અથવા ઢોંગીઓના ફંદામાં ફસાઇ જાય છે.

મઝહબે **નાજીયા, નામીયા, ઇમામીયા** ઉપર લગાર લક્ષ દો, અને જુવો કે તે કેવો ઉત્તમ અને સર્વ ખુબીયોથી ભર્યો મઝહબ છે ?! પ્રથમ તો તે મઝહબ ખુદાની અને તેના રસુલની કે જેઓ જે કાંઇ અંતઃકરણોમાં હોય છે તેને જાણનારા છે, **નસ*** વિના કોઇને પણ ઇમામ માનતા નથી, અને વળી તેઓ વસીપણા, વઝીરપણું, અને ઇમામતે અસલમાં ઇસમત અને **પાકીઝગીને** અને મોઅજીઝા દેખાડવાને શરત ગણે છે જેવી રીતે કે **નબુવ્વતમાં** ઇસમત અને એઅજાઝપણાને શરત ગણે છે, અને નબુવ્વત તથા ઇમામતમાં ઇસમત અને પાકીઝગીને એટલા માટે શરત ગણે છે કે જે માણસ મઅસુમ અને પાકપાકીઝા ન હોય તે ખુદાના કારખાનાના વહીવટને કદી પણ પુર્ણ રીત્યે અને સંતોષ કારણ રીત્યે ચલાવી શકે નહીં, કેમકે જ્યારે **ઇસમત** અને પાકીઝગી વિનાનો માણસ હોય ત્યારે તેમાં ખ્વાહીશે નફસાની અને વસાવિસે શયતાનીનું કારણ રહેલું છે.

જ્યારે અલ્લાહ તઆલાનો હુકમ સાચું બોલવાનો છે ત્યારે નફસાની ખ્વાહીશ જુઠું બોલવા દોરે છે, જ્યારે અલ્લાહનો હુકમ અમાનત તેના માલીકને સોંપી દેવાનો છે ત્યારે નફસાની ખ્વાહીશ તેને ઉચાપત કરવા લલચાવે છે. જ્યારે **અલ્લાહનો** હુકમ નફસ (જીવ) ને પાક પાકીઝા રાખવાનો છે ત્યારે નફસાની ખ્વાહીશ દરેક ગુનાહનું કામ તથા મનાઇ

* નસ્સ એટલે ખુદા તરફથી ફરમાન થીએલ.

કરવામાં આવેલા કૃત્ય જેવા કે ઝીના, ચોરી, તથા છોકરાઓ સાથે લવાત (લૌંડા બાઝી) કરવાનું કહે છે, અને એવીજ રીતે નફસાની ખ્વાહીશ ઇલાહીયત (ખુદાઇ)નો મેહદીયતનો મસીહયતનો નબુવ્વતનો દાવો (જેમકે ફિરઔન, નમરૂદ, બહા ઉલ્લાહ ઇરાનીએ તથા હીંદુસ્તાનમાં મીરઝા ગુલામ એહમદ કાદયાનીએ દાવાઓ કીધા છે) કરવાનો હુકમ કરે છે, જ્યારે અલ્લાહનો હુકમ જાન માલનો, જોરૂ છોરૂનો અને માનવંતી તથા પવિત્ર વસ્તુઓની હિફાઝત (રક્ષણ) કરવાનો છે ત્યારે નફસાની ખ્વાહીશોનો હુકમ, અન્નાસો હરીસુન અલા મામોનેઅ (જે વસ્તુઓની મનાઇ કરવામાં આવેલી છે તે વસ્તુ તરફ લોકો લાલચ કરનારા છે) એ અરબી કહેવત મુજબ, એ વિરૂધ વર્તવાનો છે.

તો આવી આવી નફસાની ખ્વાહીશોને કેટલાંક ઇલ્હામે રબ્બાની, કેટલાક વહયે રહમાની, કેટલાક ફૈઝે સુબ્હાની ઇત્યાદી ઇત્યાદી ગણી જાહીલ લોકોને ભરમાવે છે અને જાહીલો તેમના કહેવાને સત્ય માની તરત તેમના દાવમાં આવી જાય છે પણ, ખુદા અને રસુલના હુકમને ધ્યાનમાં રાખી એટલું સમજતા નથી કે એ ઇલ્હામ બીલ્હામ કંઇ નથી પરંતુ શૈતાની વસવસાઓ છે. એવાં ઢોર જેવા અજ્ઞાન લોકો છેતરાઇ જઇ પોતાના ખરા દીનનો ત્યાગ કરે છે. ખુદાતઆલા સર્વે મોંઅમિનો અને મુસલમાનોને એવી બલાઓથી અને ધુતારાઓના દાવ પેચથી દુર રાખે અને દીની ઇલ્મ અતા ફરમાવે.

અને જેઓને ખુદાએ ખલકતની હીદાયત સત્ય રીતે કરી શકે એટલામાટે મઅસુમ બનાવ્યા છે તે લોકોની ઇસમત અને પાકીનો ગુણ તેઓને દરેક પ્રકારના ગુનાહ, પાપો અને બુરાઇયોથી દુર રાખે છે. તેવા મઅસુમથી ભુલે ચુકે પણ કોઇ બુરાઇનું કામ થઇ શકતું નથી. (કેમકે તેમનામાં બુરાઇનો અંશ નથી) અને એજ કારણથી અહલેબૈત અ૦ નું કોઇ પણ બુરૂ કામ કોઇ દુશ્મન પણ દેખાડી શકતું નથી, તે વખતના હાકિમો, સુલતાનો અને રૈયતમાંનો દરેક કોઇ માણસ અઇમ્મએ મઅસુમીન અ૦ ની ભુલો કાઢવા અને તેમના ઐબ પકડવા રાત દીવસ છુપી તથા જાહેર રીતે તેમની પાછળ લાગેલો રહેતો, અને તે મઅસુમ અ૦ ના દુશ્મનો તેમનો એક પણ ઐબ પકડાય એટલા માટે તેઓને પ્રકાર પ્રકારના દુઃખ દેતા; ભરી મજલિસોમાં અપમાન કરતા, કૈદ કરતા, કૈદ રાખતા, અને એ સર્વે એટલા માટે કે જો તેઓનો એક પણ ઐબ જાણવામાં આવે તો તે તેઓની અને ખાનદાને નબુવતની બદનામી માટે પુરતો થાય. પરંતુ જ્યારે તેઓમાં ઇસ્મત અને તહારતનો ગુણ કે જે સર્વ ઐબોને રોકનાર અને કોઇ પણ બુરાઇ ન થવા દેનાર મૌજુદ હતો જે તેઓને પાક પરવરદીગારના ફૈઝ (કૃપા)થી આપવામાં આવ્યો હતો, ત્યારે એટલા બધા જુલ્મો અને ત્રાસ વર્તાવ્યા છતાં પણ દુશ્મનોમાંનો કોઇએ તેમનો એક દોષ કે ઐબ સાબીત કરી શકયો નહીં, તેમના દુશ્મનો પોતાની નેમ પુરી પાડવા ખાતર, તેમનું એ પાક લોહી કે જે અહાદીસો મુજબ ખાસ હઝરતે મોહમ્મદ સ૦ નું લોહી હતુ વહેવરાવતાં એ ચુકયા નહીં, તોપણ તેમનો ભુલચુકથી પણ એક ઐબ હજુ સુધી લખવામાં આવ્યો નથી. બલકે નસારા, મજુસ, યહુદ અને હીન્દુનાં લખેલાં પુસ્તકો તરફ નજર ફેરવો કે તેઓ તે મઅસુમ અ૦ ના અજાયબ ભર્યા હાલાત અને મકાલાત (વાણીયો)થી કેવા આશ્ચર્ય પામ્યા છે. અને જેઓ મઅસુમ નહતા તેઓથી દીને રસુલમાં જે જે ખરાબીયો થઇ છે તે વાંચવી હોય તો તેવી બીનાઓથી કીતાબો ભરપુર પડી છે તેને વાંચો અને જુવો.

અને જ્યારે ફીરકએ **નાજીયા** નામીયા ઇમામીયા, અસલ ઇમામત માટે ઇસમત અને તહારતને શરત જાણે છે ત્યારે ઇમામતે કુબ્રાયા (જેવી કે પેશનમાઝી) માટે **અદાલત** હોવી જરૂર ગણે છે તો જ્યારે **ઇમાઓીયા** મઝહબના લોકો જે પેશ ઈમામ (પેશનમાઝ) આદીલ ન હોય તેવાની પાછળ નમાઝ પઢતા નથી ત્યારે, જે મઅસુમ ન હોય એવો માણસ મેહદી હોવાનો દાવો કરે તેની વાતને કેવી રીતે કબુલ કરશે અને તેના ઉપર કેવી રીતે ઇમાન લાવશે? વળી ઇસમત અને તહારતની શરત ઉપરાંત **ઇમામીયા મઝહબ**ની નજીક ઈમામે મેહદી, હઝરતે ઇમામે હસને અસ્કરી અ૦ ના પુત્ર છે.

જેમકે આગળ બયાન થઇ ગયું, અને તે ઇમામની સીફતો સ્વરૂપ, આદતો વિગેરે વિશે પાછળ અમે સંતોષ કારક રીતે લખી ગયા અને હજુ લખાશે, ઉપર જે કાંઇ અત્યાર સુધી બયાન થયુ તેમાંનું હાલના મેહદીપણાનો દાવો કરનારાઓમાં શું છે? ઇમામે મેહદી અ૦ ના જેજે ગુણો બયાન થયા તેમાંનો એકે ગુણ તેમનામાં જોવામાં આવતો નથી તો પછી લગારે સમજ અથવા બુદ્ધિ રાખનારો માણુસ તેમના દાવમાં કેવી રીતે આવી શકશે.

આવું પરીણામ આવવાનું કારણ એટલુંજ છે કે લોકોને જોઇએ તેવી પુર્ણ મઝહબી તાલીમ આપવામાં આવતી નથી, જો મઝહબી તાલીમ પુર્ણ રીત્યે આપવામાં આવતી હોય તો આવાં માઠાં પરીણામ જોવાં પડે નહીં. અને જ્યારે એવો જુઠો દાવો કરનાર મઝહબી ઇલ્મમાંથી જે લોકોને ભાગ મળ્યો નથી અથવા એમ કહો કે જે લોકો પોતાના મઝહબનું ઇલ્મ લીધ્યા નથી તેવાઓની સામે પોતાનો હેતુ સાધવા, કોઇ દલીલ (જો કે તે ગમે તેવી હલકી અને પુચ હોય) આગળ ધરે છે ત્યારે તે જાહીલો પોતાની બેઈલ્મીના કારણથી તેને રદ કરી શકતા નથી, અને જ્યારે બેઇલ્મી, જહાલત અજ્ઞાનતા, અને બેઅકલીના કારણથી તેમની દલીલને રદ કરે એવી દલીલ લાવી શકતા નથી ત્યારે તેમના મનમાં શંકાઓ અને જુઠો દાવો કરનારાઓની જુઠી દલીલો ધર કરી બેસે છે, અને તેનેજ હુજ્જત ગણી બેદીન થઇ જાય છે અને પોતાના સાચા દીનને ગુમાવી બેસે છે.

જ્યારે લોકોની દીની ઇલ્મની રૂએ આવી દયામણી હાલત છે ત્યારે તેમની આગળ કોઇ જુઠો ઢોંગી મેંહદી પણાનો દાવો કરી તેમને પોતાના ટોળામાં દાખલ કરવા શકિતવાન થાય તેમાં શી નવાઇ ? ! ! !

હક સુબ્હાનહુ તઆલા, હઝરતે મોહમ્મદ સ૦ અને તેમની આલેપાકની હુરમતના વાસ્તાથી સર્વ માણુસ અને જીન્નાતોમાંના શયતાનોના ફરેબમાં ફસાવાથી રક્ષણમાં રાખો. (આમીન.)

( અપુર્ણ. )

# એક નવા શીઆહને હીદાયત ફંડ તરફથી મદદ.

હીંદુસ્તાનના અખબારોમાં વખતો વખત જ્યારે કોઇ સુન્નત જમાત શીઆહ મઝહબ સ્વીકારે છે ત્યારે છપાય છે, પણ અમો નોંધ લેતા નથી, આ વખતે દીલ્લીવાળા ઇસના અશરી ગયા ફેબરવારી તા૦ ૧૫ મીના અંકમાં એક સુન્નીએ શીઆહ થઇ પોતાની હાલત

જાહેર કરી છે તેથી તેને હીદાયત ફંડ ખાતામાંથી હીદાયત માટે મદદ કરી તેથી નોંધ લેવી પડે છે.

તે ઢાંકા ગામથી લખે છે કે હું એક નવજવાન મુસીબતમાં સપડાએલો શીઆહ છું, મારો બાપ સુન્ની મઝહબ પાળે છે મેં ઇંગ્રેજીમાં **વેશીન્ગટન** અને **ગિબ્નડયુનપોર્ટ** વી૦ ના બનાવેલા પુસ્તકો અને ઉરદુમાં **નુરૈઇમાન** અને **અનવારૂલહોદા** કીતાબે વાંચી તે ઉપરથી મેં શીઆહ મઝહબ સ્વીકાર્યો, આથી મારા બાપે મને ખરચ આપવો બંધ કર્યો. અને બીજાઓએ પણ તકલીફો આપવી શુરૂ કરી હાલ હું અત્રે શીઆહના છોકરાઓને તાઅલીમ આપુછું તેથી મને ગુજરાન માટે અમુક રકમ મળે છે જે મ્હારા ગુજરાન માટે પુરી થતી નથી; માટે શીઆહ અમીરો જો મદદ કરી મને કોઇ સારી નોકરીએ ચડાવે તો ખુદા અને રસુલ તેનો બદલો આપશે.

**નાજી** કહે છે કે ઝમાનો ઘણો બારીક છે કે દીનના કામમાં લોકો બહુજ થોડું ધ્યાન આપે છે, જેમ આપણામાં લખોપતી છે, તેમ હીંદુસ્તાનમાં પણ લખોપતી બલકે કરોડોપતી બલકે નવાબો પણ છે, અને શાદી વી૦ ને પ્રસંગે લાખો રૂપીઆ હરામ કામમાં વપરાય છે, પણ હીદાયત ા અને દીનની તરક્કીના કામમાં એવા કામ જેટલા તો નહીં પણ તેથી ચોથો કે આઠમો કે પચાસમો ભાગ પણ વપરાતો નથી, અને આ સાહેબે જાહેર ખબર છપાવી તેથીજ માલુમ પડી આવે છે કે મફત તો નહીં પણ નોકરી કરાવીને પણ કોઇએ મદદ કરી નહીં હોય ત્યારે છપાવાની જરૂરત પડી હશે.

આ જાહેર ખબર ઉપરથી અમોએ લખ્યું છે કે તે શીઆહના બચ્ચાઓને પડાવે છે તેમાં દીની એતેકાદ અને મસાએલ વી૦ પણ યાદ કરાવે અને આઠ આઠ દીવસે રીપોટ પણ આપ્યા કરે તો એક વરસ સુધી બે રૂપીઆનો મહીનો પગારમાં ઉમેરા તરીકે આપીશું.

ખુદાના લાખો શુકર કે આ હીદાયત ફંડ જારી થઇ આમાં મદદ કરનાર સાહેબોની હીમ્મતથી સારા પાયા ઉપર આવ્યું કે તેથી જરૂરી મવકે મદદ આપવાનું બની આવે છે, અને તેથી હીંદુસ્તાન ગુજરાત કછ કાઠીયાવાડ સીંધ વી૦ માં આનો ફેઝ પહોંચે છે, જો કે હીદાયત ફંડમાં આપનાર ઘણે ભાગે સાધારણ સ્થીતીવાળા અને કોઇ કોઇ સાહેબે મગદુરછે, તોપણ ઠીક છે, પણ બીજા ઘણા સાહેબે મકદુર કે જેઓ હજારો લાખો રૂપીઆ વાપરે છે તેઓ **હીદાયત** ફંડ કઢતા નથી તે અજબ છે, શાયદ તેઓને હીદાયતના કામમાં વાપરવાના સવાબની હદીસો અને ફઝીલતો કોઇએ સંભળાવી નહીં હોય, અને આથી મારો હેતુ એ નથી કે મારેજ હાથે વપરાવો બલકે ખાસ ફંડ કાઢીને ટ્રસ્ટીઓ મુકરરર કરીને હીદાયત જારી કરે અને ગામોગામ હાદીયોને મોકલે, અગર એક જણને પણ હીદાયત થઇ તો આખી દુન્યાને હીદાયત કરવા જેટલો સવાબ છે, જેમકે કુરઆને શરીફમાં ખુદાએતઆલા ફરમાવે છે કે "**મન્‌અહયાહા નફસન ફકઅન્નમા અહયન્નાસ જમીઆં**" એનો શબ્દી તરજુમો એ કે જેણે એક જણને સજીવન કર્યો તેણે તમામ જણને સજીવન કર્યા સમાન છે, એની તફસીર એકે જેણે એક જાહીલની રાહેહકની હીદાયત કરી અને તે જાહીલ હીદાયત પામીને માઅરેફતવાળો થાય અને ખુદાને ઓળખે અને તેના રસુલ અને ઇમામોને બરહક જાણીને તેઓની મોહબ્બત વાજીબ જાણે અને તેઓના દુશમનોથી બેઝારી ચાહે અને અહકામ ઉપર અમલ કરે તો તે હીદાયત કરનારને એટલો સવાબ છે કે જાણે

 ઇલ્મ રોશની છે. લોક લાઇબ્રેરી ...ભાઇ આમદાણી ...(ગીયાણા) 

તમામ ઇનસાનની હીદાયત કરી અને તેઓને **રાહેનજાત** ઉપર પહોંચાડયો.

કેટલાંક વીલ કરી જાય છે અને હજારો બલકે લાખો રૂપીયા ધરમાદામાં સમજી વાપરવા મુકી જાય છે, પણ હકીકતમાં ધરમાદો છે કે નહીં, અને અગર છે તો કેટલા દરજાનો અને કેવા સવાબનો છે તે વીચારતા નથી, કોઇ કામ સવાબને બદલે અઝાબનું હોય છે. કોઇ કામમાં સવાબ કે અઝાબ કાંઇ હોતુ નથી, કોઇ કામમાં સવાબતો હોય છે પણ સેજ સાજ નજીવો સવાબ હોય છે, તો જે પૈશા મહા મુશકીલથી મેળવ્યા હોય ! જેના માટે એશ આરામને તજી દીધેલ હોય ! જેને બહુજ પ્યારથી ભેગો કરયો હોય ! જેના માટે ખુદાને નારાજ કરેલ હોય ! જેના માટે બખીલી કરેલી હોય ! જેના બચાવવા માટે હજ કે ઝીયારત કરેલી ન હોય ! જેના માટે સગા વ્હાલામાં દુશમની કરી હોય ! જેના માટે હકદારોના હક ડુબાવ્યા હોય! જેના માટે ફકીરોને તરસાવ્યા હોય ! જેના માટે હાજત મદોને ના ઉમ્મેદ પાછા કહ્યા હોય ! જેના માટે વ્યાજ લીધુ કે દીધું હોય ! જેના માટે નમાઝ કઝા કરી હોય ! જેના માટે ઝકાત આપી ન હોય ! જેના માટે ખુમસ કાઢયું ન હોય! જેના માટે શયતાનને રાજી કર્યો હોય! જેના માટે મજલીસ કરી ન હોય ! વી૦ વી૦ ન કરવાની અને અઘટીત બાબતો કરી હોય? એવા માનવાળું નાણું પોતાની પાછળ મુકી જાય તે વખતે વીચાર કર્યા વીના હક નાહકની તપાસ કરયા વીના વીલ કરી જાય કે પચીસ હજાર લાઇબ્રેરીમાં, દસ હજાર ઇંગરેજી સીખે તેની મદદ માટે, બાર હજાર ગીત અને ભરત સીખે તેના માટે; પચાસહજાર હવા ખાવા માટે સેનેટરી માટે, એક લાખ દવાખાના માટે, દોઢલાખ નીશાળ માટે, પચાસ હજાર સુવાવડ માટે, વી૦ વી૦

તો આખેરતમાં કઇ બાબત કામ આવનાર છે જહન્નમની આગથી શું બચાવનારછે, ખુદા અને રસુલ કઇ બાબતમાં રાજી છે આમાં કોનો કોનો હક છે તે વીશે તો કાંઇ પણ ખ્યાલ રાખવામાં આવતો નથી, અને હકવાત કોઇ કહેતુ નથી અને વાહ વાહ અને વખાણ કરે છે વાહીયાત બાબતમાં લાખ બે લાખ આપ્યા કે ચારે તરફથી વખાણ અને તારીફના બીંગુલ ફુંકાવા લાગે છે, માન માટે મેળાવડા થાય છે માનપત્રો અપાય છે, તેથી આપનાર સાહેબ સમજે કે ઓહો મેં એવું કામ કરયું કે જેના સબબથી મને એટલું માન મળ્યું, ચારે તરફથી વખાણ વખાણ અને વખાણની પોકારો થય છે. પણ એવો વીચાર થતો નથી કે ખુદા રસુલ ઇમામ અને ફીરીસ્તા રાજી થયા કે નહીં? તો વીલ કે વસીયત કરવી તો પહેલે નીચે મુજબ બાબતોનું ધ્યાન રાખી તે મુજબ અમલ કરવો.

૧—પોતા ઉપર કોઇનો કરજ વી૦ નો હક હોય તો આપવો.

૨—ખુમસ ઝકાત વી૦ વાજીબ હોય તે અદા કરવું.

૩—હજ વાજીબ હોય તો બજાવી લાવે અને આખેરી વખત હોય તો વસીયત કરવી કે નાએબ મોકલે તેના નાણા જુદા કાઢે.

૪—ઓરતની મહર હોય તે આપવી, અને તે વખતે ન આપે તો તેનો હીસાબ પણ ગણવો.

૫—પાછળ પોતાના નાણામાંથી ત્રીજા ભાગથી વધારે નાણું કોઇ પણ કામમાં વાપરવાનું વીલ કે વસીયત કરવી નહીં.

૬—પછાળના વારેસોને શરા મુજબ બરાબર ભાગ મળે એમ કરવું, જેમકે બે દીકરી અને એક છોકરો હોય તો અરધુ નાણું બે દીકરીઓને મળે એમ કરી જવું, સેજસાજ છોકરીઓને આપવા લખાને બાકીનું છોકરાને મળે એમ ન કરવું.

એ સર્વે બાબતો ઉપર ધ્યાન રાખ્યા પછી વધારેમાં વધારે નેક કામ હોય તેમાં નાણું વાપરવા વસીયત કરવી.

જ્યારે પોતાની મુખતારીનું નાણું પોતાની ભલાઇ માટે વાપરવું ત્યારે સરવેથી વધારે ફાયદો થાય અને ઘણો સવાબ મળે એવા કામમાં શા માટે ન વાપરવુ ? જો જીવતો હોય તો દુન્યાની આબરૂ અને લોકોમાં નામવરીનો લોભ હોય તેથી દુન્યાના કામમાં નાણાં વાપરે; પણ મરવા પછી તો આખેરતમાં જવું છે, તો આખેરતમાં નામવરી થાય એવા કામમાં શા માટે ન વાપરવું ?!!

આ તમામ લખાણથી મારો શો હેતુ છે તે એ કે પન્જાબી વાંચક વર્ગ સારી રીતે જાણી શકે કે પોતાના દીની બીરાદરો પોતાના મહેનત અને સખ્તી વેઠી ભેગા કરેલા નાણા બરબાદ ન નાખે અને નેકી બરબાદ ગુનાહ લાઝમ કેહવતને અનુસરી કામ ન કરે, અને જો મ્હારા લખાણથી કોઇને પણ અસર થશે (જેમકે કેટલાંકને અસર થયો છે) તો આ માટે પણ અજર અને સવાબ લખાય, કોઇ પોતાના કરોડ રૂપીયા હરામ કામમાં વાપરે અથવા આપી જાય તેમાં મને દુન્યા અથવા દીનનું કાંઇ પણ નુકશાન નથી, તેમજ કોઇ પોતાના કરોડ રૂપીઆ મસજીદ અને મદરેસામાં વાપરે અથવા આપે તેથી પણ મને દીન અથવા દુન્યાનો કશો ફાયદો નથી, અલબત મારા લખાણથી ખરાબ કામમાં આપતા અટકે અથવા નેક કામમાં વાપરે તો અલબત મને પણ દલ્લાલી તરીકે કાંઇ સવાબ મળે. તો જ્યારે મ્હારો હેતુ એવો છે ત્યારે મ્હારા લખાણથી કોઇએ નારાજ થવું અથવા ટીકા કરવી અથવા નીંદા કરવી તે શા માટે? અને શું ? જુવે તે જોઇએ તે કરે. મ્હારૂં લખાણ ફકત પોતાના દીની બરાદરોને [illegible] તરફ દોરવા માટેનુંજ છે, હવે એવા લખાણથી કોઇને માઠું લાગે તો તેથી બાજુ કાંઇ સમજાય નહીં પણ એજ કે હરામ કામમાં કે વાહીયાત કામમાં નાણાં વાપરવાની શા માટે મઝીમ્મત કરે છે અને કેમ વખાણ કરતો નથી? તો તેથી ખુલ્લું છે કે એમ કરવું તે ખુદાને નારાજ કરીને મખલુકાતને રાજી કરવાનું છે, અને કોઇ એમ કહે કે એવા હક સુખન જે કડવા છે તે લખવાનાજ સબબથી કેટલાંક નાણાવાળા હાજી ગુલામઅલીને ઉત્તેજન આપતા અટકે છે અને તેનું સારૂં બોલતા નથી બલકે નારાજ રહે છે અને વીરૂધ રહ્યા કરે છે, જો એવી કડવી બાબતો લખતો નહતે અને જુવે તે કામમાં વાપરે તેના વખાણ છાપતે તો કેટલાંક પૈશા વાળા માલામાલ કરી આપતે હજારો રૂપીયાની કીતાબો લઇને વકફ કરતે માન આપતે ઇજ્જત કરતે અગર ખબર પડતે કે આવે છે તો સામે લેવા માટે ઘોડા ગાડી મોકલતે, અને ફરવા જવા માટે ઘોડા ગાડીમાં લઇ જતે; દાવત કરતે અને મુરગી બીરયાની ઝંદો જમાડતે, પણ હાથે કરીને આ સરવે બાબતો ખોઈ નાંખે છે ! તો તે બાબે જાણવું કે મારો તો એતેકાદ એજ છે કે ખુદાની ખુશી માટે બંદો કોઇ કામ કરે અને તેથી આખી દુન્યા નારાજ થઇ જાય તો તેમાં તેને કોઇ પણ કાંઇ કરી શકતુ નથી, અને જો આખી દુન્યાને રાજી રાખવાના કામ કરે પણ તેથી ખુદા નારાજ હોય તો તેનું કોઇ જગ્યેએ ઠેકાણું પડવાનું નથી અને ખુદાના ગઝબથી કોઈ પણ બચાવી શકે એમ નથી, હા કેટલીક વખતે ઝાલીમો પોતાની નારાજગીથી આગલાને ઇજા પહોંચાડે છે તો તેથી એમ ન સમજવું કે તે ફાવી ગયા અને ખુદાની ખુશીના કામ કર્યા પણ ખુદાએ કાંઇ મદદ કરી નહીં; એતો ઇમતેહાન માટે અને મઝલુમને વધારે દરજ્જા આપવા માટે

અને ઝાલીમને વધારે સજાનો હકદાર થવા માટે છે, પયગમબરો અને ઇમામોને ઝાલીમ બાદશાહો એ જે જે ઇજા પહોંચાડી તે શામાટે? એટલાજ માટે કે તેઓ હક કહેતા હતા અને આગલા જે ખરાબ કૃત્ય કરતા હતા તેથી પોતાની શરમીંદગી દુર કરવા માટે અથવા ગુસ્સાના જોશમાં અથવા પોતાની હુકુમત અને અમીરીના નશામાં અથવા પોતાનો રોબ બેસારવાની તકબ્બુરાઇથી એવા પાક લોકો ઉપર ઝુલ્મ કરતા હતા અને ખોટી તોહમતો નાખતા હતા, પણ છેવટે હક ગાલીબ છે તેઓની લુચ્ચાઇ અને હરામખોરી જાહેર થઇ જતી હક વાત છુપી રહેતી નહીં, જેમકે એવા સેંકડો હજારો દાખલામાના બે દાખલા લખવામાં આવેછે

હ૦ યહુયા પૈગમબરને કત્લ કર્યા તેનું એજ કારણ હતુ કે બાદશાહની મરજી થઇ કે પોતાની ઓરત બુઢી થવાથી તેણીના આગલા મરદની આંગળીયાત જવાન છોકરી સાથે નીકાહ કરવાનો ફતવો હ૦ યહયા અ૦ આપે, પણ ખરો મસઅલો બતાવ્યો કે તારા માટે હરામછે, આથી તેની ઓરતને ગુસ્સો આવ્યો કે હ૦ યહયાએ મારી મરજીથી વીરૂધ કેમ મસલો કહયો તેથી છેવટે તેઓનું માથુ કપાવી નખાવ્યું, પણ ખુદાએ તે મલઉનાનો જે હાલ કર્યો અને ખરાબમાં ખરાબ સજા આપી તે મશહુર છે.

બીજો દાખલો હ૦ મુસા અને કારૂનનો કે કારૂન હ૦ મુસા અ૦નો સગો થતો હતો શું સગો થતો હતો તેમાં ઇખતેલાફ છે તેમાં એમ પણ લખે છે કે હ૦ મુસાનો કાકો થતો હતો અને બની ઇસરાઇલોમાં તવરેતનો ઇલમ તે સારી રીતે જાણતો હતો, અને જે સીત્તેર માણસોને હ૦ મુસા ચુંટીને કલામે ઇલાહી સંભળાવવા માટે લઇ ગયા હતા તેઓમાં કારૂન પણ હતો અને તેને માન પણ આપતા હતા, અને ઇલમ તથા દાનીશ પણ તાલીમ કરતા હતા, જયારે ઝકાત આપવાનો હુકમ થયો ત્યારે પુષ્કળ નાણું હોવાથી કારૂને ઝકાત આપવાનો ઇન્કાર કર્યો, અને તે વખતમાં ચોથો અથવા દસમો ભાગ ઝકાત આપવી પડતી હતી, હ૦ મુસાએ તેને કહ્યું તને ઝકાત આપવી ભારે માલુમ પડે છે તો તારા માટે આસાની કરીને હજારે એક આપવાનો ઠેરાવ કરૂં છું, કે સેંકડે દસ ટકાને બદલે સેંકડે એક ટકો પણ નહીં બલકે હજારે એક ટકો આપ, અટલી બધી છુટ અને આસાની છતાં પણ તેણે હા ન પાડતા કહ્યું કે વીચારીને કહીશ, જયારે તેણે હીસાબ કર્યો કે હજારે એક ટકો આપતા પણ પુશકળ નાણું આપવું પડે એમ છે તેથી ઇનકાર કર્યો કે હું ઝકાત આપી શકતો નથી, લખે છે કે કારૂન પાસે બેશુમાર ખજાનો હતો જેમકે તે વીશે ખુદાએ કુરઆને શરીફમાં ફરમાવ્યું છે કે "વ આતયનાહો મેનલ કોનુઝે માઇન્ન મફાતેહહુ લતનુઓ બિલઉસ્બતે ઓ લીલકુવ્વત * અટલે અમોએ તે (કારૂન)ને એટલો ખઝાનો આપ્યો હતો કે તેની ચાવીઓ એક મજબુત જમાઅત મેહનતથી ઊપાડતી અને થાકી જતી હતી, આની તફસીરમાં બાઅઝોએ લખ્યું છે કે ચાળીસ મજબુત કુવ્વત વાળા માણસો તેની ચાવીઓ ઊપાડતા હતા, અને કશ્શાફ વાળાએ લખ્યું છે કે તેના ખજાનાની ચાવીઓ સાઠ ઊંટ ઊપાડતા હતા, અને દરેક ખજાનાની એક એક ચાવી હતી, અને ચાવીઓ ચામડાની હતી અને એક એક ચાવી એક એક આંગળીથી વધારે લાંબી નહતી.

હાસલ કલામ જયારે હજારે એક ટકો પણ ઝકાતનો આપવો પાલવ્યો નહીં તે વખતે કારૂને પોતાના દોસ્ત આશનાઓને કહ્યું કે હું ચાહું છું કે મુસાને બની ઇસરાઇલમાં ફજેત અને ઝલીલ બેઇજ્જત કરૂં, કે તેથી તેઓના બોલતા ઉપર કોઇને ભરોંસો ન રહે.

* આની તફસીર ૨૦ મા સીપારામાં સુરએ કસસની ૭૬ મી આયતમાં વાંચો.

એવો વીચાર કરીને બની ઇસરાઇલમાંની એક વેશ્યા કે જે રૂપાળી અને ખુબસુરત હતી તેણીને બોલાવીને કહ્યું કે અગર તુ બની ઇસરાઇલોની સામે આવીને કહે કે મુસાએ મારી સાથે ઝીના કરેલ છે તો તને એક થાળ ભરીને નાણું આપું, અને બાઅઝે રીવાયતમાં છે કે નાણાની બે કોથળીઓ ભરીને તેને આપી, તેણીએ આ વાત કહેવી કબુલ કરી, બીજે દીવસે હ૦ મુસા અ૦ બની ઇસરાઇલોમાં વાએઝ કરતા હતા ત્યાં કારૂન ગયો, અને તે વખતે હઝરતે મુસા અ૦ વાએઝમાં ફરમાવતા હતા કે જે કોઇ ઝીના કરશે અને તે ગેર મોહસેના§ હશે તો ફટકા મારીશ, અને અગર મોહસેના હશે તો તેને સંગસાર* કરીશ, આ સાંભળીને કારૂન ઉભો થયો અને બોલ્યો કે અગર આપથી એવું કામ બને તો કેમ ?!!! આપે ફરમાવ્યું તેમાં શું ? અગર હું હોઊં તો મારા માટે પણ એજ સજા છે, તે વખતે કારૂને કહ્યું કે અમારો ગુમાન છે કે તમોએ ફલાણી ઓરત સાથે ઝીના કરેલ છે.

આ સાંભળીને હઝરતે મુસા અલયહિસ્સલામે ફરમાવ્યું કે "મઆઝલ્લાહ" મારાથી એવું કામ થયું નથી, તે ઓરતને બોલાવો. તે વખતે કારૂને તે ઓરતને હાજર કરી. હઝરતે મુસાએ તેણીને કહ્યું કે એ ઓરત તને એ ખુદાની કસમ છે કે જેણે બની ઇસરાઇલ માટે દરયાને ચીરીને તેમાં રસ્તો આપ્યો અને તેઓને ત્યાંથી પસાર કરાવી ફીરઔનના ઝુલમથી નજાત આપી, અને તૌરેત તેઓની બેહતરી માટે મોકલી, જે ખરી વાત હોય તે સાચે સાચી કહીદે !

---

§ ગેર મોહસેના તે ઓરત વીનાનો મરદ અને મરદ વીનાની ઓરત અને મોહસેના તે ગરદવાળી ઓરત અને ઓરત વાળો મરદ,
* પથ્થર થકી કુટીને મારી નાખવું.

હઝરતે મુસાએ આવી ઊમદા રીતથી ખુદાનો જલાલ બતાવી કલામ કર્યો તે સાંભળતાજ તે ઓરત ધ્રુજી ગઇ અને તેણી ઉપર હૈબત ગાલેબ થઇ, તેથી વીચાર કર્યો કે મેં જે ફીસ્કો ફોજુર અને ખરાબ કૃત્ય કર્યા છે તે તૌબા કરવાથી ખુદા માફ કરી આપે તો નવાઇ નહીં પણ તેના પયગમ્બર ઉપર બોહતાન નાખી આવી વાત કહું તો મારો કેવો હાલ થશે ? અરે દીન દુન્યામાં કાળું મોઢું થશે અને છુટકારાનો કોઇ રસ્તો નહીં રહે.

પછી તેણીએ સર્વેની રૂબરૂ કહ્યું કે આવી વાતથી હ૦ મુસા દુર અને પાક પાકીઝા છે આ ફકત તોહમત છે, કારૂને મને નાણાની લાલચ આપીને મને સીખવાડયું કે આ પ્રમાણે મુસા ઉપર તોહમત નાખ અને તેઓ માટે આ પ્રમાણે કહે, અને બાઅઝે કોલ પ્રમાણે તેણીએ કહ્યું કે કારૂને મને નાણાની બે કોથળીઓ લાંચ તરીકે આપી હતી અને તે કોથળીઓ ઉપર કારૂનની મોહર કરેલી છે.

આ સાંભળીને બની ઇસરાઇલે તે કોથળીઓ જોઇ તો તે ઓરતના કહેવા મુજબ તેના ઉપર કારૂનની મોહર હતી તે જોવાથી સર્વે જણની સામે કારૂનનો ફરેબ ખુલ્લો થઇ અને હ૦ મુસા અ૦ ઉપર મુકેલ બોહતાન જાહેર થયું અને સમજ્યા કે ખાનગી અદાવત અને કીનાના સબબથી કારૂને આ કાવતરૂ રચ્યું હતું,

પછી હઝરતે મુસા અ૦ રડવા લાગ્યા અને સીજદામાં જઇને અરજ કરી કે ખુદાવંદા તું આ બાબતને રવા રાખે છે? કે આ નાબકાર મારા ઉપર આવું તોહમત મુકે ? જવાબ મળ્યો કે જમીનને તમારે તાબે કરી. તે વખતે હઝરતે મુસા અ૦ જમીનને હુકમ કર્યો કે આ કારૂન અને તેની સાથવાળા બે જણને ગળી જા, હુકમ થતાજ જમીને તે ત્રણેને ગળવા શુરૂ કર્યા એટલે સુધી કે ગોઠણ

સુધી તેઓ જમીનમાં ધુશી ગયા, તે વખતે તેઓ ફરયાદ કરવા લાગ્યા. હઝરતે મુસાએ તેઓની ફરયાદ તરફ કાંઇ પણ ધ્યાન આપ્યું નહીં અને ફરમાવ્યું એ જમીન ગળી જા, તે વખતે કમર સુધી જમીનમાં ધુશી ગયા, વળી વધારે અને વધારે ફરયાદ કરવા લાગ્યા, વળી હઝરતે ફરમાવ્યું એ જમીન ગળી જા, તે વખતે તેઓ ગળા સુધી જમીનમાં ધુશી ગયા; આ વખતે તો વાવયલા વા મુસીબતનો શોર કરી મુકયો, પણ તેણે હ૦ મુસા ઉપર મ્હોહું અને ખાબમાં ખરાબ બોહતાન મુકેલું અને આપ બહુજ ગુસ્સામાં હતા તેથી તેઓના રડવા અને કકળાટ કરવા અને લાચારી ઉપર જરા પણ લક્ષ આપ્યું નહીં, અને જમીનને કહયું કે આને ગળી જા, તે વખતે જમીનમાં પુરેપુરા ધુશી ગયા.

હ.સલકલામ ખુદાની ખુશી માટે વાએઝ કરનાર તેમજ નસીહત અને હીદાયત માટે લખાણ કરનારનો હેતુ એજ હોય છે કે જેમ બને તેમ પોતાના દીની બીરાદરોને નીતીને રસ્તે દોરે અને ઉલટા રસ્તે જતા અટકાવવાના ઉપાય કરે, અને જેને ખાસ ખુદાની ખુશી માટે જે કામ કરવાનું હોય છે તેને ગૈબી મદદ પણ મળે છે, અને જે ટાપટીપ કરી ગીલેટ ચડાવે તે પણ છુપુ રેહતું નથી.

બેઇમાન અને મુનાફેકોની સામે ખરો હીરો બતાવો તોપણ પથ્થર કેહશે તેને ખુદા સીવાય કોઇ પણ પહોંચી શકતું નથી. સારી અને ઇન્સાફની વાતથી ખરાબ લગાડે અને નારાજ થાય તે ચોરકી દાઢીમેં તીનકા એ કહેવત જેવું છે, આ બાબે એક હીકાયત લખાણી છે કે કોઇ વેહપારીનો રૂનો દગલો ચોરાઇ ગયો તેણે કાજી પાસે આવીને ફરયાદ કરી કાજીએ શકદાર તથા બીજા ઘણા જણને બોલાવ્યા જ્યારે સર્વે ભેગા થયા ત્યારે કાજીએ કહ્યું કે આ મજલીસમાં કેટલાક ચોર છે જુવો રૂ ચોરીને લઇ ગયા તે તેઓની દાઢીએ ચોટેલું છે, આ સાંભળીને જે ચોર હતા તેઓએ ઢઢીયોમાંથી રૂ કાઢવા દાઢીમાં હાથ નાંખ્યા, અને બીજાઓને તો કાંઇ વહેમ પણ આવ્યો નહીં, તે વખતે કાજીયે ચોરને ઓળખીને પકડયા.

ખુદા રહેમ કરે અને શયતાન મલઉનના ફરેબથી બચાવે અને સર્વે બીરાદરે ઇમાનીને નેક કામની તૌફીક અતા ફરમાવ. અને ગીબત હસદ અને ખાર વી૦ વી૦ બુરી બીમારીથી બચાવે, છેવટે એવી દોઆ કરૂછું કે ખુદાવંદા આખી દુન્યામાં જે જે ઠેકાણે જે જે મોઅમીન તારી અને તારા ખાસ પ્યારા અને માનવંતા માઅસુમોની ખુશીનું જે જે કામ કરે તેની હરહાલમાં મદદ અને કુમક કર અને હસદખોર અને ઝાલીમોના ઝુલમથી બચાવ, અને જે મક્કર અને ઢોંગ કરે અને ફરેબ આપે અને તારી અને તારા પ્યારા માઅસુમોની નારાજીનાં કામ કરે તેઓને તેઓની સજાએ પહોંચાડ ઝલીલ અને ખાર કર, ક્યો આ કેવી મજાકની ઉમદા દોઆ છે? આપ સર્વે આમીન કેહશો.

## સલામ મીનતરફે જનાબે શાએર.

ઓરૂજે કુફ્ર ટકરાને લગા જબ આસમાંનોંસે*
ફરેરે નોંચડાલે દસ્તે હૈદરને નીશાનોંસે*

હટો હટ જાઓ ખિલવત હે અભી મોઅજીઝ બયાનોંસે*
ફીરીશતે દિલકી બાતેં કહ રહેહેં મહુ ઝબાનોંસે*
નીકાલે ખારે હસરત હમને ચુન ચુનકર બયાંનોંસે*
યે કાંટે દિલકેથે ગોયા જો નિકલે હેં ઝબાંનોંસે*
સંભલ જાતે હેં ગીરતે ગીરને લેકર નામ મૌલાકા*
યે દેખા અપની આંખોંસે સુનાયે અપને કાનોંસે*
અજલને નકશે તુરબત સાથીયોંકે જાબજા ખાંચે*
ઝમીં જબ મોલલી શબ્બીરને આકર કિસાનોંસે*
બતાએ મઅનાયે તવહીદ કુછ અયસે અહમ્માને*
કે જીનકા એક અલેફ તકભી ન ઉઠા નુકતા દાનોંસે*
ખુદાકે ખાસ બદેથે અલીય્યો હમઝઓ જાઅફર*
બુતોંકે કાન બહરે હોગએ જીનકી અઝાંનોંસે*
શબે મેરાજ ઇતના ફર્ક થા મઅશુકો આશીકમેં*
કે નાપા હુરકી અબરૂને અપનો દો કમાંનોંસે*
લબે દરયા બહોત કુછ નોકકો લી નેઝાદારોંને*
મગર અબ્બાસ રૂકતેથે કહાં ઇન શાખસાનોંસે*
તમાઝત આફતાબે હશ્રકો રોકી જો સાયેસે*
ગઝબકી બીજલીયાં ગીરને લગી જબ આસમાનોંસે*
બીગડકે સીબ્તે અહમદને કહા જીબરીલ હટ જાઓ*
કહીં ખાસાને હક મુંહ ફેરતે હંય દસ્તેહાનોંસે*
અલીને એકહી હમલેમેં વોહ ખયબરકા દર તોડા*
કે જો જુંબીશ નહીં ખાતાથા સૌસૌ પહલવાનોંસે*
કીસીને જબ કહા આબીદ ઘડીભર લેટહી જાઓ*
કહા યે પુશ્ત તો મજરૂહ હય સબ તાઝિયાનોંસે*
સીતમ હય આબે પયકાંસે બુઝાઇ પ્યાસ અસ્ગરકી*
સુલુક અયસા કીયા કરતે હંય શાયદ બેઝબાંનોંસે*
અભીતક ઇસકદર ખુંને શહીદાંમેં રવાબત હય
મીલે રહતે હેં કયા કયા દાનએ તસબીહ દાનોંસે*
ન નીકલા એક ભી મઝમું બરજસ્તા ગરઝ'શાએર'*
મેરી મજબુરીયાં કુછ રહી હંય નુકતદાનોંસે*

## હીકાયત.

એક વખત હઝરત અલી અ૦ મસજીદે કુફામાં બેઠા હતા, એક રીવાયતમાં છે કે ઝોહરની નમાઝ પછી બેઠા હતા અને બીજી રીવાયતમાં છે કે વાએઝ કરતા હતા ત્યાં એક કબુતર ઘુજતું ઘુજતું આવ્યું અને હઝરતના ખોળામાં પડયું, અને બાઅઝોએ લખ્યું છે કે હઝરતને સલામ કરી અને સલવાત

પડીને અરજ કરી કે યાઅલી જંગલમાં પહાડ ઉપર માળામાં મ્હારા ન્હાના ન્હાના બચ્ચા છે તેઓને ખવરાવા માટે દાણાની તલાશ કરી ચાર પાંચ દીવસે ઘણો દાણો મળ્યો તે લઈને ખવરાવા જતી હતી ત્યાં બાઝે આવીને મને શીકાર કરવા ચાહ્યું તેથી જાન બચાવી ભાગીને આપની ખીદમતમાં આવીછું કે મને તેનાથી બચાવો. આપે તેને પોતાની બાયમાં બેસાડ્યું, ત્યાં તે બાઝ પણ આવ્યું તેણે પણ સલામ કરીને અરજ કરી કે યાહઝરત જંગલમાં પહાડમાં મારા બચ્ચાં છે કેટલાક દીવસથી તે ભુખ્યા છે કેમકે મને કોઈ શીકાર મળ્યો નહીં છેવટે તલાશ કરતા કરતા એક કબુતર મળ્યું તેને પકડવા માટે કોશીશ કરી ત્યાં તે ભાગીને આપની ખીદમતમાં આવ્યું છે માટે યાહઝરત એ મારા શીકારને મને સોંપી દીયો.

હવે હઝરતઅલી શું કરે ? કબુતરે પનાહ લીધી છે, અને તેણીના બચ્ચા પણ ભુખ્યા છે, બાઝના બચ્ચા ભુખ્યા છે અને તે પોતાના શીકાર પાછો આવેલ છે અને માગણી કરેં છે.

હઝરતે બાઝને કહ્યું સુબહાનલ્લાહ એ કેમ બને ? કે કબુતરે મારી પનાહ લીધી તે તને સોંપી આપું, માટે તેના બદલામાં બીજું કબુતર આપુછું તે લઈ જા, બાઝે અરજ કરી મને તો મારો શીકાર જોવે છે તેના બદલામાં બીજા દસ કબુતર આપો તોપણ લેવા નથી, અને અગર આપને મારો શીકાર આપવો મનઝુર નજ હોય તો આપના સાથળમાંથી એક બોટી કાપીને આપો.

આ સાંભળીને આપે કંબરને ફરમાવ્યું કે ચાકુ લાવ, કંબરે ચાકુ લાવી હઝરતને આપ્યું, તે વખતે બાઝે પુછયું યાહઝરત ચાકુથી શું કરશો ? આપે ફરમાવ્યું તારા બચ્ચા માટે મારી રાનનો કટકો કાપીને આપીશ.

તે વખતે બાઝે કહ્યું યાહઝરત તે મારા માટે હરામ છે, અને એ કદી બને નહીં કે આપની રાનનો ગોસ્ત કપાવું, આપ રાન કાપવા તય્યાર થયા તેથી આપનો શુકર કરવા માટે હઝારો જેટલી ઉમર બસ નથી. યાહઝરત હું બાઝ નથી તેમ એ કબુતર નથી હું જીબરઈલછું અને આ મારો ભાઈ મીકાઈલ છે, હકતઆલાએ અમોને આપની ખીદમતમાં એટલા માટે મોકલ્યા છેકે આપની બુઝુર્ગી અને સખાવત જોઈએ હકીકતમાં આપ બહુજ કરીમ અને બુઝુર્ગ છો, હવે અમો હકતઆલા પાસે જઈએ છીએ.

# મસાએલ.

## જનાબ મૌલાના મુજતહેદુલઅસ્ર સઈયિદ આકાહસન સાહેબ દામઝીલ્લહુના ફતવા મુજબ.

---

૫૮૫–સ૦ હયવાનને જબહ કરતી વખતે તેનું માથું જુદી થઈ જાય તો હરામ છે કે નહીં.

જ૦ હરામ થતુ નથી.

૫૮૬–સ૦ કોઈ છોકરીના નીકાહ થયા પછી તેણી કહે કે મારા નીકાહની મેં રજા આપીનથી તેમજ મને પુછયુંહોય અને હું ચુપ રહીહું તેમ પણ બન્યું નથી, તે. તે નીકાહ દુરસ્ત સમજવા કે નહીં ?

જ૦–અગર તે છોકરી કહે કે વકીલે મને પુછયું નથી, હું તેની નજીકમાં પણ બેઠી નહતી મેં તેની આવાજ પણ સાંભળી નથી અથવા મને પુછયું તે વખતે મેં ઇન્કાર કર્યો

હતો, તો તે નીકાહ થયા સમજવા નહીં.

૫૮૭-સ૦ જરૂરતને માટે કાગડાને મારીને તેનું તેલ બનાવી તે માથામાં નાંખવું જાએઝ છે કે નહીં?

જ૦-જાએઝ છે. પણ તે નજીસ છે માટે તે તેલ કાઢી માથુ પાક કરીને નમાઝ પેડે

૫૮૮—સ૦ અમર ઉપર ઝૅનું કરજ છે ઝૅદ ગુજરી ગયો હવે તેના કેટલાંક વારીસ છે, તો અમર એ નાણું કોને કેવી રીતે આપે?

જ૦—તેના શરા મુજબ જેટલા વારીસ હોય તે સર્વેની સામે દેવાના હોય તેટલા નાણા મુકી દેવા અને કહેવું કે શરા મુજબ તમો વેંહચી લીઓ.

૫૮૯—સ૦ તાજીયાને કઇ નીય્યતથી દફ્ન કરે?

જ૦—ઘરમાં હમેશા રાખી મુકવામાં વાંધો હોય કે કોઇ અડચણ હોય અને બે હુરમતી થવાનો ખેફ હોય તો તેને એવા કારણથી દફ્ન કરી દેવો જાએઝ થશે.

૫૯૦—સ૦ સોઝ (રાગ)માં મરસીયા પડે તે જાએઝ છે કે નહીં?

જ૦—ગીના (ગાયન) કોઇ રીતે જાએઝ નથી, પણ તેમાં કેટલીક બાબતો હું એમ સમજ્યો છું કે જેને ગીત કરી કહે છે તે તથા જેને ગાણું કહે છે તે બે રીતથી જાએઝ નથી, પણ જે સોઝ (રાગ) કે સાફ અને સાદો હોય જેને લોકો ગાયન ન કહે તેમાં મરસીયા નવહા પડવા જાએઝ છે.

૫૯૧—સ૦ અંધારામાં નમાઝ પડવી કેમ છે?

જ૦ જે ચીજ ઉપર સીજદો કરવો જાએઝ છે તેના ઉપર સીજદો કરે તો પછી કોઇ જાતનો વાંધો નથી.

૫૯૨—સ૦ માહે રમઝાન શરીફમાં દીવસના ભાગમાં મજલીસમાં અતીસ અને દબીરના મરસીયા પડવા જાએઝ છે કે નહીં? અને જે બાબતો જાહેરમાં ગલત હોય જેમકે હઝરત કાસીમને કંગનો બાંધવો મેંદી લગાડવી વી૦ પડે તો તે પડવું અને સાંભળવું તે માટે શું હુકમ છે? અને એવા બયાન સાંભળીને રોવામાં સવાબ છે કે નહીં? અને મોહરમની સાતમી તારીખે હઝરત કાસીમની મેહદી ઉપાડવી જેમકે તાઅઝીયા ઉપાડે છે તે જાયઝ છે કે નહીં?

જ૦ કંગના અને મેંદીની બાબત એવી નીય્યતથી પડે કે એ પ્રમાણે કરબલામાં બનેલ છે તો તે પડવું જાએઝ નથી, પણ એવા ખીયાલથી પડે અને સાંભળે કે આપણામાં રીવાજ છે કે શાદીમાં કંગના મેંદી વી૦ કેવો કેવો સામાન કરે છે, પણ કરબલામાં એવી લાચારી હતી કે અરબના શરા મુજબ ધારા પ્રમાણે શાદીનો સામાન થઇ શક્યો નહીં તો જાહેર એ છે કે જાએઝ થશે, અને એવો વીચાર કરીને રોવું ઇનશાઅલ્લાહ સવાબમાં દાખલ છે. અને મેંદી ઉપાડવાં હરકત નથી જો તેની સાથે હરામ કામ ન કરે જેમકે વાજા વગાડે નહીં વી૦ તો પણ મેંહદી ન ઉપાડે તો વધારે સારૂ.

# નવો મોઅજીઝો.

ઇસ્નાઅશરી દીલ્લી તા ૮ માર્ચ ૧૯૦૭ના પેપરમાં લખે છે કે આ વરસે હુસેનપુરા ગામમાં મોહર્રમની ૮ મી તારીખે એક મોઅજીઝો થયો તે એ કે ઇબ્રાહીમ હુસેન નામનો દસ વરસનો એક છોકરો મોહરમની ૮મી તારીખે પોતાની માથી નારાજ થઇને તાજીયા જોવા માટે ગયો તેની માને પણ ગુસ્સો આવેલો તેથી બોલી કે ખુદાવંદા હઝરતે અબ્બાસઅ૦ના સદકાથી આ છોકરાને ઉપાડી લે, જો મારી દોઆ કબુલ કરીશ

તો હજરતની નયાઝ કરીશ, એ પહોરને વખતે તે છોકરો સય્યદ શીદા હુસેનના તાજીયામાં ગયો મનકબત પડાતી હતી તે કેની ધમાલ હતી અને લે.કો ઝાર ઝાર રડી રહયા હતા જ્યારે મનકબતખાન આ શેઅર પડયા—

જબ કલી આતાથા નાનાજીકી સુરતકા ખીયાલ॥
અએ અલીઅકબર મૈ તેરા દેખ લેતાથા જમાલ॥

તે વખતે મજકુર છોકરો ત્યાંથી આગળ ચલ્યો અને જરા છેટે જઇને પડી જઇ બેહોશ થઇ ગયો હતો નાડ બીલકુલ નહતી એ જોઇ શું થયું શું થયું થવા લગ્યું અને જેના ધ્યાનમાં જે આવતું તે કહે તો, તેને દવા આપી પણ કાંઇ ફાયદો થયો નહીં, ત્યાં તેનો કાકો આવ્યો તેણે કહયું તેની માએ માનતા માની છે તે કબુલ થઇ, પછી તેની માને ખબર આપી તેણી રોવા પીટવા લગી અને ગુસ્સામાં બોલેલી તેથી હને રોઇરોઇને દુઆ કરવા લાગી કે ખુદાવંદા મારી ભુલ થઇ હવે હજરતે અબ્બાસ અ૦ને વાસ્તો આપુછું તેને સજીવન કરતો હ૦ અબ્બાસ અ૦ની બે નયાઝ કરીશ.

બે ત્રણ કલાક પછી છોકરાને હોશ આવ્યો તે ઊભો થયો, તેને પુછ્યું તને શું થયું હતું? તો તેણે કહયું કે હું તાજીયા આગળથી આગળ ચાલ્યો તો જોયું કે એક બુઝુર્ગવાર સફેત ઘોડા ઉપર ચાલ્યા આવે છે તેઓના ઘોડાની ઝપટમાં આવવાથી હું પડી જઇ બેહોશ થઇ ગયો હતો.

## મોઅજીઝો.

જનાબે શેખ મુરીદ બયાન કરે છે કે હજરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ના વખતમાં મુદેર નામનો એક નેક શખસ પાક એતેકાદ વાળો હતો, તે કહે છે કે એક દીવસ હું સુતો હતો સ્વપનામાં જોયું કે હજરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ ખુરશીમાં બેઠા છે અને આપની રૂબરૂ ખુરમાનો એક થાળ રાખેલો છે અને આપ તેમાંથી ખાતા હતા—

**બજાલાકે તસલીમ મૈંને કહા=મુજહેભી ઇનયાતહો યા મુસ્તફા॥**
**હુવા એક દાના ઇનાયત મુજહે=કહું કયા મીલી કૈસી લઝ્ઝત મુજહે॥**

સલામ કરીને મેં અરજ કરી યા હજરત મને પણ આપો, આપે એક રૂતબ આપ્યો, વળી મેં માગ્યો હજરતે બીજો આપ્યો, એટલે સુધી કે આઠ દાણા આપ્યા.

**નબીને દીએ આઠ દાને મુજહે=અજબ રૂતબા બખશા ખુદાને મુજહે॥**

પછી થાળામાં એક દાણો રહયો તે માગ્યો તો આપે ફરમાવ્યું બસ એથી વધારે ન માગ.

આ સ્વપનું જોઇને ઊઠયો તે પછી હજરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ની ખીદમતમાં ગયો.

**અજબ માજરા મુજહકો આયા નઝર=કે બેઠે હુવેહૈં વોહ આલી ગોહર॥**
**તબક એક ખુરમાકા પીશે હુઝુર=વોહ દાને કે જીનમેં લતાફતકા નુર॥**

તો જોયું કે આપની સામે ખુરમાનો નુરાની થાળો પડયો છે, આપ હજરતે રસુલે ખુદા સ૦ની માફક ખુશીથી ખાય છે.

**કહા મૈંને હઝરતસે બાઅદે સલામ=અતા કીજીયે મુજહકોભી યા ઇમામ॥**

મેં હજરતને સલામ કરીને અરજ કરી યા હજરત મને આપો, આપે એક દાણો આપ્યો, મેં ફરીને માગ્યો વળી હજરતે આપ્યો, એટલે સુધી કે હજરતે પણ આઠ દાણા

આપ્યા, તે પછી મેં માગ્યા તો આપે હસીને ફરમાવ્યું કે અગર મારા જદ હઝરતે રસુલે ખુદા સ૦ વધારે આપ્યા હતે તો હું પણ વધારે આપત.

સુબહાનલ્લાહ જે કાંઈ સ્વપ્નામાં જોયું તેજ બનાવ જાગ્યા પછી પણ બન્યો અને મારા મવલ્લાએ સ્વપ્નાનો હાલ કહી આપ્યો.

**જો કુછ ખ્વાબમેં મૈંને દેખાથા હાલ=વોહ ઝાહેરથા પેશે ર.હે. ખુશબીસાલ***

---

## જુદી જુદી હદીસો.

**હદીસ ૧૭૧૧ મી**—હઝરતે ઇમામે મોહમ્મદે બાકેર અ૦ ફરમાવ્યું કે જે વખતે કોઇના મોઢામાંથી **લાઅનત** નીકળે છે તે ફરે છે અને જેને લાઅનત કરી તે તેને લાયક ન હોય તો તે લાઅનત પાછી ફરી જેના મોઢામાંથી નીકળી તેનાજ ઉપર પડે છે. **હ૦ ૧૭૧૨** હઝરતે રસુલે ખુદાસ૦ ફરમાવ્યું કે ગાળો બકનાર બેહયા જેમ આવે તેમ બકયા કરે તેની પરવા ન રાખે તેમજ તેને કોઇ ગાળો આપે તેની પણ પરવા ન રાખે એવા શખસ ઉપર બેહીસ્ત હરામ છે, અને એવા શખસ વીશે જો તપાસ કરવામાં આવે તો યાતો હરામઝાદો નીકળશે અથવા શેતાન તેના નુતફામાં શરીક થાએલો હશે. **હ૦ ૧૭૧૩** જે કોઇ બજારમાં સર્વેથી વહેલો જાય અને સર્વેથી પાછળ આવે તે સર્વે કરતા ખુદા પસે વધારે દુશમન છે **હ૦ ૧૭૧૪** જે શખસ સર્વેથી પહેલે મસજીદમાં જાય અને સર્વેથી પાછળ બાહેર આવે તે ખુદા પાસે સર્વેથી વધારે પ્યારો છે, **હ૦ ૧૭૧૫** જેઓને ચેપી રોગ હોય જેમકે કોઢ વી૦ તેઓ સાથે મામલો કરવો નહીં. **હ૦ ૧૭૧૬** હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે જે કોઇ વેચે અને લીએ તે રોજી મેળવે છે, અને જે કોઇ મોંઘુ થવા માટે સંગ્રહ કરે અને વેચે નહીં તે મલઉન છે. **૧૭૧૭ મી** ગાઇની કોઇ ગીબત કરે તો જેની ગીબત કરી તેના અરધા ગુનાહ માફ થઇ જાય છે **હ૦ ૧૭૧૮** હઝરતે મુસા અ૦ ઉપર ખુદાએ વહય કરી કે ગીબત કરનાર ગીબત કરવી મુકી આપે અને તૌબા કરીને મરે અને બેહીશ્તમાં જવાની લાયક હેય તો પણ સર્વેથી પાછળ બેહીસ્તમાં જશે, અને તૌબા નહીં કરે અને ગીબત કર્યા કરે અને મરી જાય તો તે સર્વેથી પહેલે જહન્નમમાં જાશે. **હ૦ ૧૭૧૯** મનકુલ છે કે જે વખતે નેક અને આબીદ ગુજરી જાય અને તેને કબરમાં રાખે છે ત્યારે તેના નેક અઅમાલ જેમકે નમાઝ રોઝા હજ સદકો વી૦ તેને ઘેરી લીએ છે અને અઝાબના ફીરીશ્તા તેના પગ તરફથી આવે છે તો નમાઝ અટકાવે છે કે આ નમાઝ પડવા પગ ઉપર ઉભો રેહતો હતો, તેથી ફીરીશ્તા માથા તરફથી આવે છે તે વખતે રોઝા કહે છે કે અમો આવવા નહીં આપીએ કેમકે તેણે પ્યાસની સખતી ખેંચી છે, તે વખતે તેઓ અંગ તરફથી આવે છે, હજ કહે છે કે અમો આવવા નહીં આપીએ કેમકે તેણે હજ કરવા માટે તમામ અંગથી સખતી વેઠી છે, તે વખતે હાથ તરફથી આવે છે તે વખતે સદકો કહે છે આવવા નહીં આપીએ તેણે હાથે સદકો આપેલ છે.

આમ થવાથી અઝાબના ફીરીશ્તા પાછા જાય છે અને રહમતના ફીરીશ્તા આવે છે અને તેના માટે બેહીશ્તનું બીછાનું અને એઢાનું લાવે છે, અને તેની કબરને ઘણી પોહળી કરે છે, અને બેહીશ્તમાંથી એક ફાનસ લાવે છે તેથી તેની આખી કબર નુરાની થઇ જાય છે.

## અનવારૂલ બયાન ફી તફસીરિલ કુરઆન.

**મ્હામ્હોટી** અમુલ્ય કીતાબ **કુરઆને શરીફ** કે જે આપણા માલીકો મુખ્તારનું ફરમાન છે, તે અરબીમાં હોવાથી લોકો તેના અર્થ અને ખુલાસા જાણવાના ફૈઝથી મહરૂમ હતા તેથી આલીમોએ ફારસી ઉર્દુમાં તરજુમો અને તફસીર કરી, હવે આપણી કોમમાં ઘણે ભાગે ગુજરાતી ઇંગ્રેજીનો અભ્યાસ હોવાથી એ પાક કલામે શરીફના મતલબ સમજવાથી ઘણા જણ મહરૂમ હોવાથી ખુદા ઉપર **તવક્કુલ** કરી અમોએ અહલેબૈતે તહાર અ૦ ના **સદકાથી** આ કામ માથે ઉપાડી અસલ અરબી કુરઆન તેની પાછળ તેજ ગુજરાતી અક્ષરોમાં આયતો તેની નીચે તરજુમો પછી તેની તફસીર અને મવકે સવકે તાવીલ અને અહલેબયતે અતહાર અ૦ના ફઝાએલ વી૦ કેટલીક તફસીરોમાંથી ઇન્તેખાબ કરી છપાવી છે અને તેને ચાહનાર મોમીનોએ અહલેબયતે અતહારને પહોંચી તેઓના ઘરોને મુબારક આંખોને નુરાની અને દીલને રવશન કર્યા, અને ઇ૦ બીજા બીરાદરો પણ હાથોહાથ લેશે.

આ તફસીરમાં મોટાં ૨૬૦૦ પેજ છે કે જે રોયલ ૮ પેજી ૫૨૦૦ પેજ થયાં તેના દસ દસ સીપારાના ૩ ભાગ છે. પાકા પુંઠા સાથે પોસ્ટેજ રજીસ્ટર સુધાં પહેલા ભાગના રૂ૧૨) તે પછીના દરેક ભાગના રૂ ૧૦) ત્રણે ભાગના રૂ૩૦ આફ્રીકા વી૦ માટે પાંચ ભાગ કર્યા છે પોસ્ટેજના તથા પેકીંગના રૂ૪) વધારે કુલ રૂ૩૪) તથા હીંદુસ્તાનના પાંચ ભાગના રૂ ૩૧)

## ગૈબી ખજાનો.

જેની અંદર હમેશાં સાતે વારના જુદા જુદા સાત નકશા અરબીમાં છપાવી તેની પાછળ ગુજરાતીમાં તે જોવાનાં સવાબ ફાયદા વી૦ લખ્યા છે અને તેની નીચે જગ્યો ખાલી હોવાથી ખુદાનું એક એક ઇસમ અને તેની ખાસીયત અને ફાયદો લખ્યો છે, જેમકે—

શનીવારનું નકશ જુવે તો તે બીજા શનીવાર સુધી તમામ બલા અને આફતોથી ખુદની અમાનમાં રહે.

બુધવારનું નકશ જુવે તો લોકોની નજરમાં માનવંત આબરૂવાળો દેખાય.

જુમા તથા ઇદના દીવસનુ નકશ જુવે તો દોલત પામે અને તમામ આફતો અને બલાથી ખુદાની અમાનમાં રહે અને દીન દુન્યામાં કામ થાય.

દરેક ખોફથી નિર્ભય રહેવા અને મોહટી નેઅમતો મળવા માટેનું ઇસમ.

કસ્તુરી અને કેસરથી લખીને ખાઇ જાય તે ખલાએકની સામે માનવાવાળો થાય તે ઇસમ વી૦

**કીંમત ફકત અઢીઆના પોસ્ટેજ માફ**

## ઊરદુ હરફમાં નેઇમાન.

જેની અંદર મઝહબી કલ્પીત સવાલ જવાબ છે. શીઆઇસ્ના અશરી મઝહબ પાળનાર "અલી રઝા" અને સુન્નત જમાતનો મઝહબ પાળનાર "શહાબુદ્દીન" નામના કોલેજમાં સીખતા બે છોકરાનો વાદવીવાદ છે, છેવટે ઇન્સાફની રૂએ મેહદીહસન ને અસ્નાઅશરીનો મઝહબ કબુલ કર્યો છે.

એ કીતાબમાં તસવીરો પણ હતી તેથી મોટી હતી પણ તસવીરોવાળી ખલાસ થવાથી તસવીરો વીનાની મંગાવી છે. તસવીરોવાળીનો રૂ ૧॥ રાખ્યો હતો, આનો પોસ્ટેજ સુધાં રૂ૦॥। અને આફ્રીકાના ૦॥- રાખ્યા છે મહરબાની કરીને તે મંગાવી લીએ.

# ઊરદુ કીતાબો.

## નહરૂલ મસાએબ.

બહુરૂલગુમ્મા જેવી, નહરૂલ મસાએબ ઘણીજ મ્હોટી પાંચ ભાગમાં છપાણી છે, તેમાં ૧૦૯૨ એક હજારને બાણું મોટાં પેજ છે, તેમાં દરેક ભાગમાં ઊમદા ઊમદા જુદી જુદી કુલ ૨૬૫ મજલીસો છે,

અક્ષર સારા અને મોટા છે, પાંચે ભાગ સાથે છે. કીંમત રૂ૪॥

હીંદુસ્તાનનું પોસ્ટેજ પેકીંગ રજીસ્ટર રૂ૧॥= આફ્રીકાનો રૂ૧)= પુંઠું બંધાવવું હોય તો રૂ૦॥ વધારે.

## ઈસલામી પહેલી કીતાબ.

### ખાસ ઉરદુ શીખનારાઓ માટે.

હાલ આપણામાં ઊરદુ શીખવાનો શોખ વધતો જાય છે, તેથી અમોએ ઊરદુ અલેફ-બે-તથા તેની તખતીયો (બારાક્ષરી) બેહરફના તેમજ ત્રણ હરફના શબ્દ વી૦ લખી લખાણ ઊમાં છપાવી છે, મદરેસાઓમાં સીખતા બાળકોને માટે ઘણી ઉપયોગી છે, આ કીતાબનો ઊઠાવ સારો થશે તો બીજી ત્રીજી ચોથી અને પાંચમી કીતાબ પણ છપાવીશું.

અને તેમાં એવા શબ્દો અને પાઠ લખીશું કે તેમાં દીન અને દુન્યા બન્નેની ભલાઇ અને નસીહતની વાતો હોય, વેચવા અથવા વહેંચ કરવા લેનારને પાંચ રૂપીએ સો આપીશું, ટપાલ ખરચ માફ. પણ પચાસ નકલથી ઓછી આપવામાં નહીં આવે, અને છુટક નકલનો એક આનો, પોસ્ટેજ જુવે તેટલી લીઓ અરધો આનો.

☞ દરેક મદરેસાના મોઅલ્લીમ તેમજ ઉપરી સાહેબને અરજ કે આ કીતાબ જરૂર મંગાવો, અને ઉત્તેજન આપો કે જેથી બીજી અને ત્રીજી કીતાબ જલદીથી બાહેર પડે.

## અમુલ્ય તાવીજ.

### હજારો તાવીજોનું એક તાવીજ.

#### ખાસ હરણના ચામડા ઉપર હાથે લખેલું ઉમદા તાવીજ.

તમામ બીમારીઓથી બચવા, જાદુ દુર થવા જીન પરીથી બચવા, કોલેરા અને વબાથી અમનમાં રહેવા, દુશ્મનની ખલલ ન પહોંચવા આપવા, બચ્ચાઓને થતી બીમારીઓ તેઓનું ભરાઇ જવું સસણી દુર થવા, અને માન ઇજ્જતમાં વધારો થવા માટે આ તાવીજ બહુજ જલદી અસર અને ફાયદો કરનાર છે.

આ તાવીજ છાપેલું નથી બલકે ખાસ મોઅમીન શીઆહ ઇસનાઅશરી દીનદાર અને પરહેઝગારના હાથે લખાએલું છે, આ તાવીજ હરણીયાની ઝીણી ચામડી ઉપર લખવામાં આવેલ છે.

મજકુર તાવીજ આઠ દસ અમારી પાસે તઇયાર છે, માટે જેને જરૂરત હોય તે કીંમત પહેલેથી મોકલીને મંગાવી લીએ.

એ તાવીજની કીંમત પોસ્ટેજ રજીસ્ટર સુધાં.

નંબર ૧ ના રૂ ૫

નંબર ૨ ના રૂ ૨॥

બન્ને તાવીજમાં દોઆ ઇસમ નકશ વી૦ એકજ જાતના છે, ફકત ચામડાં અને લખાણની સફાઇ અને ખુબસુરતીમાં ફેરફાર છે, જમણે હાથે અથવા ગળામાં સારી રીતે મીણ વી૦ માં પેક કરીને અથવા તાવીજમાં રાખીને બાંધવું.